# મહર્ષિ પતંજલિ કૃત

# યોગસૂત્રો



## (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

## - શ્રી યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન
### All rights reserved by Author

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.



E-Book

| | |
|---|---|
| Title | : Patanjali Yog Sutra |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 72 |
| Created | : August 21st 2007. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, do not feel offended and please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

# શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."

## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર


જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બીજાને સૌરભ દઈએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બીજાને સલિલ દઈએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ બીજાને જ્યોતિ દઈએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બનીને બીજાને યાત્રી કરીએ
યોગેશ્વરના આશિષ

## <u>પ્રસ્તાવના</u>

ભારતીય યોગવિદ્યાને બહુમાન અપાવવાનું શ્રેય મહર્ષિ પતંજલિને ફાળે જાય છે. મહાયોગી મહર્ષિ પતંજલિની સૌથી વધુ મહત્તા યોગસૂત્રના રચયિતા તરીકે છે. ઘેરંડ સંહિતા, શિવપુરાણ, ભગવદ ગીતા જેવા ગ્રંથોમાં યોગ પર પ્રકાશ પાડવામાં આવ્યો. પરંતુ યોગ પર સૌથી સંક્ષિપ્ત અને સારગર્ભિત ગ્રંથ કોઈ હોય તો તે મહર્ષિ પતંજલિના યોગસૂત્રો ગણી શકાય. અર્વાચીન સમયમાં જુદા જુદા નામે યોગને પ્રકટ કરનાર બધા ગ્રંથો એક અથવા બીજી રીતે એના interpretations અથવા commentaries જ છે.

મહર્ષિ પતંજલિએ પોતાના યોગને કોઈ નામથી ઓળખાવવાનું પસંદ નથી કર્યું. એમણે પોતાના યોગને અષ્ટાંગ યોગ તરીકે પણ ઓળખાવ્યો નથી. વિચારકોએ પાછળથી કહ્યું કે મહર્ષિ પતંજલિનો યોગ એટલે અષ્ટાંગ યોગ. કારણ એમના યોગસૂત્રોમાં એક સૂત્ર આવતું હતું જેમાં યોગના આઠ અંગોનો ઉલ્લેખ કરવામાં આવેલો - યમ, નિયમ, આસન, પ્રાણાયામ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

સાધકો અને જિજ્ઞાસુઓને આ પુસ્તક આધ્યાત્મિક અને યોગમાર્ગે આવશ્યક માહિતી પૂરી પાડશે તો મારો શ્રમ સાર્થક ઠરશે.

- યોગેશ્વર

☼ ☼ ☼ ☼ ☼

## <u>અનુક્રમણિકા</u>


૧. સાધનપાદ
૨. સમાધિપાદ
૩. વિભૂતિપાદ
૪. કૈવલ્યપાદ




'સાધક નિરંતર ધ્યાન રાખે છે કે એણે કયા માર્ગે આગળ વધવાનું છે, સાધના દ્વારા એણે શું પ્રાપ્ત કરવાનું છે. એણે સાધનાનો જે માર્ગ પસંદ કર્યો તે માર્ગે તે ગતિ કરે છે કે નહીં અને જો નથી કરતો તો શા માટે નથી કરતો - આ પ્રમાણેના અનવરત આત્મનિરિક્ષણથી આદર્શ સાધક સાધનાના માર્ગમાં આવતા કોઈપણ પ્રકારના વિઘ્નો કે અંતરાયોમાંથી પોતાની જાતને ઉગારી શકે છે.'

**- યોગેશ્વરજી**

# ॥ સમાધિપાદ ॥

०१. अथ योगानुशासनम् ।

(૧) હવે યોગમાર્ગના વિચારની શરૂઆત કરીએ છીએ.

०२. योगश्चित्तवृत्तिनिरोधः ।

(૨) ચિત્તની વૃત્તિઓના નિરોધને, અથવા ચિત્તની વૃત્તિઓ સંપૂર્ણપણે રોકાઈ જાય તેને, યોગ કહે છે.

०३. तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ।

(૩) નિરોધની એ દશામાં જે દૃષ્ટા છે તે આત્માની પોતાના સ્વરૂપ એટલે મૂળરૂપમાં સ્થિતિ થઈ જાય છે.

०४. वृत्तिसारूप्यम् इतरत्र ।

(૪) યોગસાધના દ્વારા ચિત્તની વૃત્તિઓનો નિરોધ ના થાય ત્યાં સુધી, બીજા બધા જ વખત દરમિયાન, દૃષ્ટા આત્મા પોતાના ચિત્તની વૃત્તિઓના જેવું રૂપ ધારણ કરે છે. વૃતિઓની સાથે તે એકરૂપ બની જાય છે. તેને પોતાના અસલ સ્વરૂપનું જ્ઞાન કે ભાન રહેતું નથી, નિરોધમાં જ તેનું જ્ઞાન થઈ શકે છે. આ પરથી એમ પણ સમજી લેવાનું છે કે ચિત્તવૃત્તિનો નિરોધ જડ નથી પણ ચૈતન્યમય અથવા જ્ઞાનમય છે. આત્માને પોતાનું મૂળ સ્વરૂપ મેળવી આપનારો કે પોતાના સત્ય સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરનારો છે.

०५. वृत्तयः पञ्चतय्यः क्लिष्टा अक्लिष्टाः ।

(૫) ચિત્તની વૃત્તિઓ પાંચ પ્રકારની હોય છે, તથા દરેક વૃત્તિના ક્લિષ્ટ ને અક્લિષ્ટ બે ભેદ હોય છે. અવિદ્યા જેવા ક્લેશોને વધારનારી ને યોગમાર્ગમાં વિઘ્નરૂપ થનારી વૃત્તિ ક્લિષ્ટ કહેવાય છે ને ક્લેશને દૂર કરનારી તથા યોગમાર્ગમાં મદદરૂપ થનારી વૃત્તિ

અક્લિષ્ટ કહેવાય છે. આ વાતને સમજી લઈ, સારી વૃત્તિની મદદથી પહેલા ખરાબ વૃત્તિને વશ કરી, સારી વૃત્તિનો પણ નિરોધ કરવો જોઈએ. એટલે યોગ થયો કહેવાય.

૦૬. प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः ।

(૬) વૃત્તિઓ પાંચ છે : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ.

૦૭. प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ।

(૭) પ્રમાણ અથવા પ્રમાણવૃત્તિના ત્રણ ભેદ છે : પ્રત્યક્ષ, અનુમાન અને આગમ.

૧) પ્રત્યક્ષ પ્રમાણ : આ જગતમાં મન, બુદ્ધિ ને ઈન્દ્રિયોથી જાણી શકાય તેવા પદાર્થો છે, તેમનું ઈન્દ્રિયો ને અંતઃકરણ સાથે સંબંધ થવાથી જે ભ્રાંતિ કે શંકા વિનાનું જ્ઞાન થાય છે, તેને પ્રત્યક્ષ અનુભવવાળી પ્રમાણવૃત્તિ કહેવામાં આવે છે.

૨) અનુમાન પ્રમાણ : કોઈ પ્રત્યક્ષ વસ્તુને જોઈને અથવા કોઈ પ્રત્યક્ષ વસ્તુની મદદથી બીજા અપ્રત્યક્ષ કે પરોક્ષ પદાર્થના સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેને અનુમાનવાળી પ્રમાણવૃત્તિ કહેવામાં આવે છે. જેવી રીતે ધુમાડો જોઈને અગ્નિનું જ્ઞાન થવું કે ફોરમ પરથી ક્યાંક ફૂલ હશે તેમ લાગવું.

૩) આગમ પ્રમાણ : શાસ્ત્ર, સંત કે મહાપુરુષના વચનને આગમ કહેવામાં આવે છે. મનુષ્યના અંતઃકરણને ઈન્દ્રિયોથી પરના પદાર્થો જે અનુમાનથી પણ નક્કી થઈ શકતા નથી, તેમનું જ્ઞાન શાસ્ત્ર કે મહાપુરુષોના વચનથી થઈ શકે છે. તેને આગમ પ્રમાણ કહેવામાં આવે છે.

આ ત્રણે પ્રમાણના ક્લિષ્ટ ને અક્લિષ્ટ કે સારા-નરસા બે ભેદ છે.

૧) જે પ્રત્યક્ષ દર્શનથી સંસારના પદાર્થોની અનિત્યતાનો નિશ્ચય થાય અથવા તે દુઃખદાયક છે એવું જ્ઞાન થાય, ને પરિણામે સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય, જે ચિત્તની વૃત્તિઓને રોકવામાં મદદ કરે, ને યોગની સાધનામાં શ્રદ્ધા તેમજ ઉત્સાહનો સંચાર કરે, તેનાથી થનારી પ્રમાણવૃત્તિ અક્લિષ્ટ અથવા સારી છે. તેથી ઊલટું, જે પ્રત્યક્ષ દર્શનથી સંસારના પદાર્થ નિત્ય ને સુખમય છે એમ લાગે, સંસારમાં આસક્તિ જાગે, ને

પરિણામે જે પતનકારક થાય, તેનાથી થનારી પ્રમાણવૃત્તિને ક્લિષ્ટ કે ક્લેશવાળી કહેવામાં આવે છે.

૨) જે અનુમાનોથી સંસારની અનિત્યતા, દુઃખરૂપતા ને સંસારના દોષોનું જ્ઞાન થઈ સંસારમાં વૈરાગ્યબુદ્ધિ થાય, સાધનામાં શ્રદ્ધા વધે ને આત્મજ્ઞાનને મેળવવમાં મદદ મળે, તે અનુમાનવૃત્તિ અક્લિષ્ટ અથવા સારી કહેવાય ને તેથી ઊલટી વૃત્તિ ક્લિષ્ટ છે એમ કહી શકાય.

૩) જે આગમ પ્રમાણથી ભોગોમાં વૈરાગ્ય થાય ને સાધના માટે શ્રદ્ધા ને ઉત્સાહ વધે, તથા આત્મકલ્યાણની ઈચ્છા જાગે, તે અક્લિષ્ટ આગમવૃત્તિ કહેવાય, ને તેથી વિરુદ્ધની વૃત્તિ ક્લિષ્ટ કહેવાય.

૦૮. विपर्ययो मिथ्याज्ञानम् अतद्रूपप्रतिष्ठम् ।

(૮) કોઈ વસ્તુના મૂળ સ્વરૂપને ના સમજી તેને બીજી જ વસ્તુ સમજી લેવી, તેવું મિથ્યા જ્ઞાન વિપર્યય કહેવાય છે. અથવા તે વસ્તુના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત ના હોય તેવું મિથ્યા જ્ઞાન વિપર્યય કહેવાય છે.

તેવી વૃત્તિ પણ જો ભોગો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરનારી ને સાધનામાં પ્રેમ જગાડનારી હોય તો અક્લિષ્ટ, અને એમ ન હોય તો ક્લિષ્ટ કહેવાય છે.

૦૯. शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ।

(૯) વાસ્તવમાં જેનું અસ્તિત્વ જ ના હોય તેવા પદાર્થની કેવલ શબ્દના આધાર પર કલ્પના કરવાવાળી જે ચિત્તની વૃત્તિ, તે વિકલ્પવૃત્તિ કહેવાય છે. અથવા જે જ્ઞાન શબ્દજનિત જ્ઞાનની સાથેસાથે થાય, પરન્તુ વસ્તુતઃ જેનો વિષય ના હોય, તે વિકલ્પ કહેવાય છે. તે પણ જો સાધનામાં પ્રેમ ને શ્રદ્ધા ઉત્પન્ન કરનારી ને ભોગો પ્રત્યે વૈરાગ્યબુદ્ધિ જગાવનારી હોય તો અક્લિષ્ટ, અને એમ ન હોય તો ક્લિષ્ટ કહેવાય છે.

१०. अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा ।

(૧૦) માણસને જે વખતે કોઈયે વિષયનું જ્ઞાન રહેતું નથી, ફક્ત જ્ઞાનના અભાવની જ પ્રતીતિ થાય છે, તે જ્ઞાનના અભાવનું જ્ઞાન જે ચિત્તવૃત્તિને આધારે રહે છે તે વૃત્તિ નિદ્રા કહેવાય છે.

નિદ્રા પણ ક્લિષ્ટ અને અક્લિષ્ટ - એમ બે જાતની હોય છે. જેને પરિણામે માણસના તન, મન અને અંતરમાં સાત્વિક ભાવ ભરાઈ જાય, આળસનો અંત આવે તથા સાધનામાં જે સહાયક થઈ પડે, તે નિદ્રા અક્લિષ્ટ છે. બીજી જાતની નિદ્રા ક્લિષ્ટ કહેવાય છે.

११. अनुभूतविषयासंप्रमोषः स्मृतिः ।

(૧૧) જુદી જુદી વૃત્તિઓ દ્વારા અનુભવવામાં આવેલા વિષયોના સંસ્કાર ચિત્તમાં પડ્યા હોય છે. કોઈ નિમિત્તને લીધે તે ફરીવાર જાગી જાય કે પ્રકટ થાય, તેને સ્મૃતિ કહે છે.

સ્મૃતિ પણ ક્લિષ્ટ કે અક્લિષ્ટ એમ બે જાતની છે. સાધના ને જીવનની ઉન્નતિમાં મદદ કરનારી સ્મૃતિને અક્લિષ્ટ, અને તે સિવાયની બીજી જાતની સ્મૃતિને ક્લિષ્ટ સ્મૃતિ કહે છે.

१२. अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।

(૧૨) ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવાના બે ઉપાય છે - અભ્યાસ અને વૈરાગ્ય.

१३. तत्र स्थितौ यत्नोऽभ्यासः ।

(૧૩) સ્વભાવથી ચંચલ એવા મનને સ્થિર કરવા માટે વારંવાર પ્રયાસ કરવો તે અભ્યાસ કહેવાય છે.

१४. स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः ।

(૧૪) તે અભ્યાસ લાંબા વખત લગી, નિરંતર, ઉત્સાહ ને પ્રેમપૂર્વક તથા સંપૂર્ણપણે કરતા રહેવાથી છેવટે પરિપક્વ કે દૃઢ થઈ શકે છે.

१५. दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ।

(૧૫) જોયેલા કે સાંભળેલા વિષયો પરથી જ્યારે મન ઉપરામ થઈ જાય અથવા તૃષ્ણારહિત બની જાય, ત્યારે તે વિષયોને મેળવવાની ઈચ્છાનો અંત આવી જાય છે. તેવા કામના વિનાના ચિત્તની જે વશીકાર નામની અવસ્થા છે તે વૈરાગ્ય કહેવાય છે.

૧૬. तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ।

(૧૬) પુરુષના જ્ઞાનથી પ્રકૃતિના ગુણોમાં તૃષ્ણાનો છેક અભાવ થઈ જાય છે તેને પર અથવા ઉત્તમ પ્રકારનો વૈરાગ્ય કહેવામાં આવે છે.

ઉપર કહેલા સાધારણ વૈરાગ્યથી જ્યારે માણસની વિષય તૃષ્ણા બંધ પડે છે, ને તેના ચિત્તનો પ્રવાહ પોતાના ધ્યેયના અનુભવમાં એકાગ્ર થઈ જાય છે, ત્યારે સમાધિની દૃઢતા થવાથી પ્રકૃતિ ને પુરુષ સંબંધી વિવેકજ્ઞાન પ્રકટ થાય છે. ત્યારે ત્રણ ગુણ ને તેમના કાર્યમાં કોઈ જાતની દ્વિધા કે આસક્તિ નથી રહેતી. તે વખતે તે નિષ્કામ ને આત્મારામ બની જાય છે. એ દશાને પરવૈરાગ્ય કહેવામાં આવે છે.

૧૭. वितर्कविचारानन्दास्मितारूपानुगमात् संप्रज्ञातः ।

(૧૭) વિતર્ક, વિચાર, આનંદ ને અસ્મિતા - એ ચારેના સંબંધવાળા ચિત્તવૃત્તિના સમાધાનને સંપ્રજ્ઞતા યોગ કહે છે.

સંપ્રજ્ઞતા યોગના ધ્યેય પદાર્થ ત્રણ કહ્યા છે :

૧. ઈન્દ્રિયોના સ્થૂલ ને સૂક્ષ્મ વિષય

૨. ઈન્દ્રિયો ને અંતઃકરણ

૩. બુદ્ધિ સાથે એકતા અનુભવનારો પુરુષ.

પહેલા પ્રકારના પદાર્થોના વિષયોના સ્થૂલ રૂપમાં સમાધિ થાય છે, ત્યારે જ્યાં સુધી સમાધિમાં શબ્દ, અર્થ ને જ્ઞાનનો વિકલ્પ કાયમ રહે છે, ત્યાં સુધી તે સવિતર્ક સમાધિ કહેવાય છે, ને જ્યારે તેનો વિકલ્પ નથી રહેતો, ત્યારે નિર્વિતર્ક સમાધિ કહેવાય છે. તે પ્રમાણે બીજા પ્રકારના પદાર્થોના સૂક્ષ્મ રૂપમાં સમાધિ કરવામાં આવે છે, ત્યારે જ્યાં સુધી તે સમાધિમાં શબ્દ, અર્થ ને જ્ઞાનનો વિકલ્પ રહે છે, ત્યાં સુધી તે સવિચાર ને જ્યારે તેનો વિકલ્પ નથી રહેતો તે નિર્વિચાર સમાધિ કહેવાય છે.

નિર્વિચાર સમાધિમાં જ્યારે વિચાર નથી રહેતો, પણ અહંકાર રહે છે ને આનંદનો અનુભવ થાય છે, ત્યારે તે આનંદાનુગત સમાધિ કહેવાય છે, ને જ્યારે આનંદનો અનુભવ પણ નથી થતો, ત્યારે તે અસ્મિતાનુગત સમાધિ કહેવાય છે.

૧૮. विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ।

(૧૮) પરવૈરાગ્યની પ્રાપ્તિ થયા પછી મન સાંસારિક પદાર્થોમાં રમતું નથી. તે ઉપરામ દશાને વિરામ-પ્રત્યય પણ કહે છે. ઉપરામ દશાના અનુભવમાં સાધના જ્યારે શમી જાય છે, ત્યારે ચિત્તવૃત્તિ શાંત થઈ જાય છે.

૧૯. भवप्रत्ययो विदेहप्रकृतिलयानाम् ।

(૧૯) વિદેહ ને પ્રકૃતિલય યોગીઓનો ઉપર કહેલો યોગ ભવપ્રત્યય કહેવાય છે.

પૂર્વજન્મમાં સાધના કરતાં કરતાં જે વિદેહ દશા સુધી પહોંચી ચૂક્યા હોય અથવા સ્થૂલ શરીરના બંધનથી છૂટીને શરીરથી પર થવાના અભ્યાસમાં પ્રવીણ થઈ શક્યા હોય, તેમજ જે પ્રકૃતિનો લય કરવાની કળામાં પણ પાવરધા થયા હોય, પણ કૈવલ્યની પ્રાપ્તિ પહેલાં જ મરણ પામ્યા હોય, તે બંને જાતના યોગી પુનર્જન્મ પામી યોગીકુલમાં જન્મે છે ને વિશેષ જાતના સાધનાના ક્રમ વિના જ નિર્બીજ સમાધિને મેળવી લે છે. એમની સમાધિ ભવપ્રત્યય કહેવાય છે. તેની સિદ્ધિમાં કોઈ સાધના કારણરૂપ થતી નથી પણ મનુષ્યજન્મની ફરી પ્રાપ્તિ જ કારણરૂપ છે.

૨૦. श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् ।

(૨૦) બીજા સાધકોનો યોગ શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ ને પ્રજ્ઞાની મદદથી સિદ્ધ થાય છે.

શ્રદ્ધા વિના સાધના થાય નહિ. સાધકને પોતાની જાતમાં શ્રદ્ધા જોઈએ. તેની સાથે આત્મિક તાકાત જોઈએ. જીવનના જટિલ વાતાવરણમાં સાવધ રહીને પોતાનું ધ્યેય સિદ્ધ કરવાની તમન્ના જોઈએ. વિષયોથી મનને ઉપરામ કરીને સમાધિમાં ડૂબાડવાનો અભ્યાસ જોઈએ. સમાધિથી અંતઃકરણ પવિત્ર થઈ જાય છે ને સાધકની બુદ્ધિ ઋતંભરા એટલે સત્યને ધારણ કરનારી થઈ જાય છે. તેથી નિર્બીજ સમાધિની પ્રાપ્તિ સરળ થાય છે.

૨૧. तीव्रसंवेगानाम् आसन्नः ।
(૨૧) જેમની સાધના તીવ્ર હોય છે, તેમને યોગની સિદ્ધિ જલદી મળી જાય છે.

૨૨. मृदुमध्याधिमात्रत्वात् ततोऽपि विशेषः ।
(૨૨) સાધના માત્ર સાધારણ, મધ્યમ કે અધિક હોવાને લીધે તીવ્ર સંવેગવાળા સાધકોની યોગસિદ્ધિમાં પણ કાળનો ભેદ થઈ જાય છે પોતપોતાની યોગ્યતા પ્રમાણે જુદાજુદા માણસો તેને વહેલું કે મોડું પૂરું કરે છે. માટે સાધકે પુરુષાર્થમાં શિથિલતા ના આવવા દેવી જોઈએ. સાધના સતત રીતે ચાલુ રાખવી જોઈએ.

૨૩. ईश्वरप्रणिधानाद् वा ।
(૨૩) ઈશ્વરની ભક્તિ કે શરણાગતિ ઈશ્વરપ્રણિધાન કહેવાય છે. તેથી પણ નિર્બીજ સમાધિ અથવા પોતાની સિદ્ધિ થઈ શકે છે. ઈશ્વર સર્વ શક્તિમાન છે. તે ભક્ત પર પ્રસન્ન થઈને તેની બધી જ ભાવના પૂરી કરે છે.

૨૪. क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ।
(૨૪) જે ક્લેશ, કર્મ, વિપાક ને આશયના સંબંધથી રહિત તથા બધા પુરુષોથી ઉત્તમ છે તે ઈશ્વર છે.

ક્લેશ પાંચ છે - અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ ને અભિનિવેશ.

કર્મ ચાર જાતનાં - પુણ્ય, પાપ, પુણ્ય ને પાપના મિશ્રણવાળાં ને પુણ્ય ને પાપથી રહિત.

વિપાક એટલે કર્મોનું ફલ. આશય એટલે કર્મોના સંસ્કાર.

સર્વ જીવોનો આ ચારથી અનાદિ સંબંધ કહેવાય છે. મુક્ત જીવો પાછળથી આ સંબંધથી મુક્ત થાય છે, પણ પહેલા તો તેમને પણ આ સંબંધ હોય છે. પરંતુ ઈશ્વર તે સંબંધથી સર્વથા મુક્ત હતા, છે ને રહેશે. તેથી તે મુક્ત કોટિના પુરુષોથી પણ ઉત્તમ છે. માટે જ પુરુષવિશેષ છે.

૨૫. तत्र निरतिशयं सर्वज्ञत्वबीजम् ।

(૨૫) તે ઈશ્વરમાં સર્વજ્ઞતાનું કારણ જ્ઞાન નિરતિશય એટલે પૂર્ણપણે રહેલું છે.

જેનાથી વધે એવી કોઈ વસ્તુ ના હોય તે નિરતિશય કહેવાય છે. ઈશ્વર જ્ઞાનની પૂર્ણતા છે. તેમના જ્ઞાનથી વધે તેવું જ્ઞાન બીજા કોઈનું નથી. તે જ રીતે ધર્મ, વૈરાગ્ય, યશ, ઐશ્વર્ય ને શક્તિની દૃષ્ટિએ પણ તે અજોડ છે.

૨૬. स पूर्वेषाम् अपि गुरुः कालेनानवच्छेदात् ।

(૨૬) ઈશ્વર, પૂર્વે થઈ ગયેલા સૌના ગુરૂ છે. કાળ તેમને સ્પર્શી કે તેમનો નાશ કરી શકતો નથી. બ્રહ્મા સૃષ્ટિની શરૂઆતમાં ઉત્પન્ન થયા છે. તેથી તે સૌના ગુરૂ છે. તેમનું આયુષ્ય પણ લાંબુ છે. છતાં તેમને પણ કાળ છોડતો નથી. ઈશ્વર જ સૌના સ્વામી, સર્જનહાર ને અનાદિ છે. તે કાળના પણ કાળ છે. તેથી તે સૌથી ઉત્તમ, મહાન ને પુરાતન કહેવાય છે. જ્ઞાનના વિગ્રહ હોવાથી તે સૌના ગુરૂ છે.

૨૭. तस्य वाचकः प्रणवः ।

(૨૭) ઓમકાર તે ઈશ્વરનું નામ છે. એવાં બીજાં કેટલાય નામ છે તેમાં ઓમકાર મુખ્ય છે.

૨૮. तज्जपस्तदर्थभावनम् ।

(૨૮) એ ઓમકારના જપ, તેના અર્થનું મનન તથા તેના અર્થસ્વરૂપ ઈશ્વરનું ચિંતન કરવું જોઈએ. એવી સાધનાથી ઈશ્વરની કૃપા ને તેના પરિણામે યોગસાધનાની સિદ્ધિ થઈ શકે છે.

૨૯. ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ।

(૨૯) એ પ્રકારના અભ્યાસથી બધી જાતનાં વિઘ્નો દૂર થાય છે, ને આત્માનું વાસ્તવિક જ્ઞાન પણ મળી જાય છે. તેથી કૈવલ્યદશા સહજમાં પ્રાપ્ત થાય છે.

૩૦. व्याधि स्त्यान संशय प्रमादालस्याविरति भ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ।

(30) ચિત્તના વિક્ષેપ અથવા સાધનામાં આવતાં વિઘ્નો નવ જાતના છે : વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આળસ, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધભૂમિકત્વ ને અનવસ્થિતત્વ.

(૧) તન, મન કે અંતરના રોગને વ્યાધિ કહે છે. એમાં ગાંડપણનો સમાવેશ પણ થઈ શકે.

(૨) સાધના ના કરવાનો અથવા અકર્મણ્ય બનીને બેસી રહેવાનો સ્વભાવ સ્ત્યાન કહેવાય છે.

(૩) પોતાની જાતમાં, સાધનાના ક્રમમાં, ફળમાં કે પુરુષાર્થમાં શંકા થાય તે સંશય છે.

(૪) સાધના કરવામાં નિયમિત ના રહેવું ને બેપરવા બનવું તે પ્રમાદ કહેવાય છે.

(૫) તમોગુણને લીધે સાધના કરવાનું મુલતવી રખાય તે આળસ કહેવાય છે.

(૬) વિષયોમાં આસક્તિ થવાથી અથવા કોઈ બીજા કારણને લીધે શરૂઆતનો તીવ્ર વૈરાગ્ય પાછળથી ઢીલો પડી જાય ને બિલકુલ દૂર પણ થઈ જાય તેને અવિરતિ કહેવામાં આવે છે.

(૭) સાધના સંબંધી ગેરસમજ ઉત્પન્ન થવી, બુદ્ધિભ્રમ થવો ને સાધનાના માર્ગમાં આવતાં જુદાંજુદાં દર્શનના અનુભવથી કૃતકૃત્ય બની બેસી જવું એ ભ્રાંતિદર્શન છે.

(૮) સાધના કરતા રહેવા છતાં કોઈ કારણથી ઉચ્ચ ભૂમિકાની પ્રાપ્તિ ના થાય તો સાધકનો ઉત્સાહ શમી જાય તેને અલબ્ધભૂમિકત્વ કહે છે.

(૯) સાધના દ્વારા જે દશા મળે તે દશા કાયમ ના રહે, કોઈ કારણથી તેનાથી ઉતરતી ને કેટલીકવાર વિરુદ્ધ દશામાં પણ સાધકને રહેવું પડે, તેને અનવસ્થિતત્વ કહે છે.

३१. दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासा विक्षेपसहभुवः ।

(૩૧) એની સાથે થનારાં બીજાં પાંચ વિઘ્નો આ પ્રમાણે છે : દુ:ખ, દૌર્મનસ્ય, અંગમેજયત્વ, શ્વાસ ને પ્રશ્વાસ.

૧. આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક દુ:ખ.

૨. ઈચ્છા પૂરી ના થવાથી મનમાં થનારા ક્ષોભને દૌર્મનસ્ય કહે છે.

૩. અંગમાં કંપ થાય તેને અંગમેજયત્વ કહે છે.

૪. બાહ્યકુંભકમાં મુશ્કેલી થાય તેને શ્વાસનું વિઘ્ન કહે છે.

૫. અંદરના કુંભકમાં મુશ્કેલી થાય, શ્વાસ બહાર કાઢવામાં વ્યવસ્થિત ના રહેવાય, તે પ્રશ્વાસનું વિઘ્ન કહેવાય છે.

૩૨. तत्प्रतिषेधार्थम् एकतत्त्वाभ्यासः ।
(૩૨) એ વિઘ્નોને દૂર કરવા માટે એક તત્વનો અભ્યાસ કરવો જોઈએ. એટલે કે કોઈ એક વસ્તુમાં ચિત્તને સ્થિર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. તેથી એકાગ્રતા ઉત્પન્ન થાય છે, ને વિઘ્નો ટળી જાય છે.

૩૩. मैत्रीकरुणामुदितोपेक्षणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ।
(૩૩) સુખી મનુષ્યોમાં મિત્રતાની ભાવના કરવી. દુઃખી મનુષ્યોને જોઈને દયાની ભાવના કરવી. પુણ્યાત્મા પુરુષોને જોઈને પ્રસન્નતાની ભાવના કરવી. ને પાપી તરફ ઉપેક્ષા કે ઉદાસીનતાની ભાવના કેળવવી. તેમ કરવાથી જુદીજુદી જાતની અશુદ્ધિનો નાશ થાય છે, ને ચિત્ત નિર્મલ, શાંતિમય ને પ્રસન્ન થઈ જાય છે.

૩૪. प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य ।
(૩૪) અથવા તો પ્રાણવાયુને બહાર કાઢવાના ને રોકવાના અભ્યાસથી પણ શરીરની નાડીઓનો મળ દૂર થાય છે, ને ચિત્ત નિર્મળ બને છે.

૩૫. विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धिनी ।
(૩૫) વિષયવાળી પ્રવૃત્તિ ઉત્પન્ન થવાથી તે પણ મનને બાંધનારી અથવા સ્થિર કરનારી થઈ પડે છે.

સાધનામાં આગળ વધતા સાધકને દિવ્ય વસ્તુ કે વિષયોનું દર્શન થાય છે. એ દિવ્ય વિષયોનો અનુભવ કરનારી વૃત્તિ વિષયવતી પ્રવૃત્તિ કહેવાય છે. એવી પ્રવૃત્તિથી સાધકનો વિશ્વાસ વધી જાય છે. માનસિક સ્થિતિમાં તે મદદરૂપ થઈ પડે છે.

૩૬. विशोका वा ज्योतिष्मती ।
(૩૬) તે ઉપરાંત, સાધના કરતાં કરતાં સાધકને શોકરહિત પ્રકાશમય પ્રવૃત્તિનો અનુભવ થઈ જાય તો પણ મનને સ્થિર કરવામાં મોટી મદદ મળે છે.

૩૭. वीतरागविषयं वा चित्तम् ।

(૩૭) રાગરહિત ચિત્ત પણ જલદી સ્થિર થઈ શકે છે. અથવા તો જેમના રાગદ્વેષ કાયમ માટે દૂર થઈ ગયા છે, એવા વિરક્ત મહાપુરુષોને ધ્યેય બનાવવાથી ને અભ્યાસ કરવાથી પણ ચિત્ત સ્થિર થઈ શકે છે.

૩૮. स्वप्ननिद्राज्ञानालम्बनं वा ।

(૩૮) સ્વપ્ન ને નિદ્રાના જ્ઞાનનું અવલંબન કરનારું ચિત્ત પણ સ્થિર થઈ શકે છે.

સ્વપ્નમાં કેટલીકવાર ઈશ્વરદર્શન, કોઈ મહાપુરુષનાં દર્શન અથવા કોઈ મંત્ર કે જ્ઞાન મળવાનો અનુભવ થાય છે. તેને યાદ કરી, તેમાં મન લગાડીને સાધના કરવાથી પણ મન સ્થિર થાય છે. તે પ્રમાણે ગાઢ નિદ્રામાં ફક્ત ચિત્તની વૃત્તિઓના અભાવનું જ્ઞાન રહે છે. તેને નજરમાં રાખીને સાધના કરવાથી ચિત્ત સહેલાઈથી સ્થિર થાય છે.

૩૯. यथाभिमतध्यानाद् वा ।

(૩૯) અથવા પોતપોતાની માન્યતા ને રુચિ પ્રમાણે ધ્યાન કરવાથી પણ મન સ્થિર થઈ શકે છે. આ સૂત્રમાં વિશાળતા, ઉદારતા અને સર્વમત સમભાવનું દર્શન થાય છે.

૪૦. परमाणु परममहत्त्वान्तोऽस्य वशीकारः ।

(૪૦) ચિત્ત જ્યારે સ્થિર થવાના અભ્યાસમાં પાવરધું બની જાય, ત્યારે પરમાણુથી લઈને પરમ મહત્વ સુધીના સઘળા પદાર્થો તેને વશ થઈ જાય છે.

અભ્યાસ દ્વારા મન જ્યારે બરાબર સ્થિર થાય, ત્યારે સાધકનો પોતાના મન પર પૂરો અધિકાર થઈ જાય છે. ત્યારે તે પોતાના મનને સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થોથી માંડીને મોટામાં મોટા વિરાટ પદાર્થો સુધી ગમે ત્યાં સ્થિર કરી શકે છે.

૪૧. क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनतासमापत्तिः ।

(૪૧) સઘળી બાહ્ય વૃત્તિઓ ક્ષીણ પામી હોય તેવું સ્ફટિકમણિ જેવું નિર્મળ ચિત્ત ગ્રહીતા (એટલે પુરુષ), ગ્રહણ (અંતઃકરણ ને ઈન્દ્રિયો) ને ગ્રાહ્ય (એટલે પંચમહાભૂત ને વિષયો) માં સ્થિત થઈને તદાકાર બની જાય, તે સંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે.

અભ્યાસ દ્વારા સાધકનું મન સ્ફટિકમણિ જેવું છેક નિર્મલ થઈ જાય, તે ધ્યેય પદાર્થમાં જ વહેવા માંડે ને તે સિવાયની તેની બીજી બધી વૃત્તિ શાંત પડી જાય તેવી દશામાં ઈન્દ્રિયોના સ્થૂલ કે સૂક્ષ્મ વિષય, અંતઃકરણ ને ઈન્દ્રિયો અથવા બુદ્ધિસ્થ પુરુષ, જેમાં પણ સાધક પોતાના મનને લગાડે તેમાં તન્મય થઈને તે વહેવા માંડે છે. તેને સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. એ સમાધિમાં સાધકને ધ્યેય વસ્તુના સ્વરૂપનું બરાબર જ્ઞાન થઈ જાય છે.

૪૨. तत्र शब्दार्थज्ञानविकल्पैः संकीर्णा सवितर्का समापत्तिः ।
(૪૨) એમાં શબ્દ, અર્થ ને જ્ઞાન - એ ત્રણના વિકલ્પોથી મિશ્રિત સમાધિ સવિતર્ક કહેવાય છે.

જ્યારે કોઈપણ એક સ્થૂલ પદાર્થને લક્ષ્ય બનાવીને તેના સ્વરૂપને જાણવા માટે સાધક પોતાના મનને તેમાં લગાડી દે છે, ત્યારે શરૂઆતમાં તેને જે અનુભવ થાય છે તેમાં તે વસ્તુનાં નામ, રૂપ ને જ્ઞાનના વિકલ્પોનું મિશ્રણ હોય છે. તેના સ્વરૂપની સાથે સાથે તેના નામ ને અનુભૂતિનું જ્ઞાન પણ ચિત્તને થતું હોય છે તેથી તે સવિતર્ક સમાધિ છે.

૪૩. स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा निर्वितर्का ।
(૪૩) તે પછી, સાધકના ચિત્તમાંથી ધ્યેય વસ્તુના નામની સ્મૃતિ ચાલી જાય, તેને અનુભવનારી ચિત્તવૃત્તિનું સ્મરણ પણ ના રહે, ત્યારે પોતાના સ્વરૂપનું પણ ભાન ના રહેવાને લીધે સ્વરૂપના અભાવ જેવી દશાની પ્રાપ્તિ થાય છે. બધી જાતના વિકલ્પોનો અભાવ થઈ જવાને લીધે કેવલ ધ્યેય પદાર્થની સાથે તન્મય થયેલું ચિત્ત ધ્યેયનો આભાસ માત્ર કરે છે. તેનું નામ નિર્વિતર્ક સમાધિ છે. એમાં શબ્દ કે અનુભૂતિનો કોઈ વિક્લ્પ રહેતો નથી. માટે તે નિર્વિકલ્પ સમાધિ પણ કહેવાય છે.

૪૪. एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ।
(૪૪) આટલા સવિતર્ક ને નિવિતર્ક સમાધિના વર્ણનથી સૂક્ષ્મ પદાર્થોમાં કરાતી સવિચાર ને નિર્વિચાર સમાધિનું વર્ણન પણ થઈ ગયું સમજવું.

સ્થૂલ ધ્યેય પદાર્થોમાં કરાતી સમાધિના જેમ બે ભેદ છે તેમ સૂક્ષ્મ ધ્યેય પદાર્થોમાં કરાતી સમાધિ પણ બે જાતની છે. કોઈ સૂક્ષ્મ ધ્યેય પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણવા માટે જ્યારે ચિત્તને તેમાં સ્થિર કરવામાં આવે છે, ત્યારે પહેલાં તેનાં નામ, રૂપ ને જ્ઞાનના વિકલ્પવાળો અનુભવ થાય છે. તે સવિચાર સમાધિ કહેવાય છે. ને તે પછી જ્યારે નામ કે જ્ઞાનનું અથવા ચિત્તના સ્વરૂપનું પણ સ્મરણ નથી રહેતું, ને કેવલ ધ્યેય પદાર્થોનો જ અનુભવ બાકી રહે છે, ત્યારે તેને નિર્વિચાર સમાધિ કહેવામાં આવે છે.

૪૫. सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानम् ।

(૪૫) સૂક્ષ્મ વિષયની સીમા પ્રકૃતિ સુધી છે.

પૃથ્વીનો સૂક્ષ્મ વિષય ગંધતન્માત્રા, પાણીનો રસતમાન્ત્રા, તેજનો રૂપતન્માત્રા, વાયુનો સ્પર્શતન્માત્રા ને આકાશનો શબ્દતન્માત્રા છે. ને તે સૌનો ને મન સાથે ઈન્દ્રિયોનો સૂક્ષ્મ વિષય અહંકાર, અહંકારનો મહાતત્વ ને મહાતત્વનો સૂક્ષ્મ વિષય અથવા કારણ પ્રકૃતિ છે. એની આગળ કોઈ સૂક્ષ્મ પદાર્થ નથી. તે જ સૂક્ષ્મતાની સીમા છે. તેથી પ્રકૃતિ સુધીના કોઈયે સૂક્ષ્મ પદાર્થોને લક્ષ્ય બનાવીને તેમાં કરેલી સમાધિ સવિચાર તથા નિર્વિચાર સમાધિમાં ગણી શકાય.

૪૬. ता एव सबीजः समाधिः ।

(૪૬) તે બધી જ સબીજ સમાધિ કહેવાય છે.

આ બધી સમાધિ સબીજ કહેવાય છે કેમ કે એમાં કોઈ ને કોઈ ધ્યેયપદાર્થને વિષય કરનારી ચિત્તવૃત્તિ બીજરૂપે કાયમ રહે છે. વૃત્તિઓનો પૂરેપૂરો નિરોધ ના થવાને લીધે આ બધી સમાધિમાં કૈવલ્યદશાની પ્રાપ્તિ નથી થતી.

૪૭. निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः ।

(૪૭) નિર્વિચાર સમાધિના અભ્યાસથી ચિત્ત નિર્મળ થતાં યોગીને અધ્યાત્મપ્રસાદની પ્રાપ્તિ થાય છે. યોગીની બુદ્ધિ તદ્દન નિર્મળ બની જાય છે.

૪૮. ऋतंभरा तत्र प्रज्ञा ।

(૪૮) એ વખતે યોગીની બુદ્ધિ ઋતંભરા થઈ જાય છે. ઋતંભરા એટલે સત્યપરાયણ : વસ્તુના સાચા સ્વરૂપને ગ્રહણ કરનારી.

૪૯. श्रुतानुमानप्रज्ञाभ्याम् अन्यविषया विशेषार्थत्वात् ।

(૪૯) વેદ, શાસ્ત્ર તથા મહાપુરુષોનાં વચનોથી વસ્તુનું સામાન્ય જ્ઞાન થાય છે. તે દ્વારા મળેલી માહિતી કે બુદ્ધિ શ્રુતબુદ્ધિ કહેવાય છે. તે રીતે અનુમાન દ્વારા વસ્તુના સ્વરૂપના થનારા નિશ્ચયને અનુમાનબુદ્ધિ કહે છે. આ બંને કરતાં પ્રજ્ઞા વિલક્ષણ ને શ્રેષ્ઠ છે. કેમ કે પ્રજ્ઞાથી વસ્તુના સ્વરૂપનું સાંગોપાંગ, યથાર્થ ને પૂર્ણ જ્ઞાન થઈ જાય છે.

૫૦. तज्जः संस्कारो न्यसंस्कारप्रतिबन्धी ।

(૫૦) એથી ઉત્પન્ન થનારા સંસ્કાર બીજા સંસ્કારોને દૂર કરી દે છે.

માણસ જે કાર્ય કરે છે કે અનુભવે છે તેના સંસ્કાર તેના અંતઃકરણમાં એકઠા થાય છે. તે કર્માશય કહેવાય છે. તેના નાશથી જ માણસને મુક્તિ મળી શકે છે. પ્રજ્ઞાની પ્રાપ્તિથી માણસને પ્રકૃતિના યથાર્થ રૂપનું જ્ઞાન થાય છે. તેથી પ્રકૃતિ ને તેના કાર્યોમાં તેને વૈરાગ્ય થાય છે. એ વૈરાગ્યના સંસ્કારથી પહેલાંના એકઠા થયેલા રાગદ્વેષમય સંસ્કારોનો નાશ થઈ જાય છે, ને યોગી મુક્તદશાની પાસે પહોંચી શકે છે.

૫૧) तस्यापि निरोधे सर्वनिरोधान् निर्बीजः समाधिः ।

૫૧) એનો પણ નિરોધ થવાથી, સર્વનો નિરોધ થવાને લીધે, નિર્બીજ સમાધિ થાય છે.

છેવટે, ઋતંભરા પ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલા સંસ્કારોમાં પણ આસક્તિ ના રહેવાથી તેનો પણ નિરોધ થઈ જાય છે. તેનો નિરોધ થવાથી સર્વ સંસ્કારોનો નિરોધ આપોઆપ થઈ જાય છે. એટલે કર્માશય દૂર થાય છે. સંસારના બીજનો અભાવ થઈ જાય છે. તેથી તે દશાને નિર્બીજ સમાધિ કહે છે. કૈવલ્યદશા પણ તે જ છે.

## ॥ સમાધિપાદ સમાપ્ત ॥

☼ ☼ ☼ ☼ ☼

# ॥ સાધનપાદ ॥

૦૧. तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ।

(૧) તપ, સ્વાધ્યાય ને ઈશ્વરની શરણાગતિ અથવા ભક્તિ એ ત્રણ ક્રિયાયોગ કહેવાય છે.

શરીર, મન, ઈન્દ્રિયોનો સંયમ, હૃદયશુદ્ધિ ને પોતાના ધ્યેયને માટે આવી પડતા કષ્ટને સ્મિતપૂર્વક સહન કરવું તે તપ છે. સાધના કે સદગ્રંથોનો અભ્યાસ સ્વાધ્યાય છે. સાધનામાં ઉપરની ત્રણે વસ્તુ ખૂબ મહત્વની હોવાથી ક્રિયાયોગના નામથી તેનો અલગ ઉલ્લેખ કર્યો છે.

૦૨. समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ।

(૨) એ ક્રિયાયોગ સમાધિની સિદ્ધિ કરનારો તેમ જ અવિદ્યાદિ ક્લેશોનો નાશ કરનારો છે.

૦૩. अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः क्लेशाः ।

(3) ક્લેશ પાંચ જાતના છે : અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ ને અભિનિવેશ.

આ પાંચ મહાન કષ્ટકારક ને જન્મમરણના ચક્રમાં ફેરવનારા છે. તેથી ક્લેશ કહેવાય છે.

૦૪. अविद्या क्षेत्रम् उत्तरेषां प्रसुप्ततनुविच्छिन्नोदाराणाम् ।

(૪) આગલા સૂત્રમાં કહેલા અવિદ્યા પછીના બીજા ચારે ક્લેશોનું કારણ અવિદ્યા છે. તે ક્લેશ પ્રસુપ્ત, તનુ, વિચ્છિન ને ઉદાર એ ચાર સ્વરૂપે રહે છે.

૧. ક્લેશ ચિત્તમાં હોય પણ પોતાનું કામ દેખીતી રીતે ના કરે ત્યારે તેને પ્રસુપ્ત કહેવામાં આવે છે. સુષુપ્તિમાં ચારે ક્લેશ પ્રસુપ્ત દશામાં હોય છે.

૨. ક્લેશોની ક્લેશકારક શક્તિનો સાધના દ્વારા નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવે, ત્યારે તેમની શક્તિ મંદ પડી જાય છે. સાધકો પર એ ક્લેશ કોઈ ગંભીર કે નોંધપાત્ર અસર કરી શકતા નથી. ત્યારે તેમને તનુ કહેવામાં આવે છે.

૩. એક ક્લેશ વિશાળ થાય કે માણસ પર પોતાનો પ્રભાવ વધારે પ્રમાણમાં પાડે, ત્યારે તેની અસરથી બીજો ક્લેશ દબાઈ જાય છે. તે વખતે તે વિચ્છિન્ન દશામાં છે એમ કહેવાય છે. રાગની વિશાળ દશામાં દ્વેષ દબાઈ જાય છે, ને દ્વેષની વિશાળ દશામાં રાગ દબાઈ જાય છે.

૪. જે વખતે જે ક્લેશ જોરમાં હોય અથવા પોતાનું કામ પૂરેપૂરી શક્તિથી કરતો હોય, તે વખતે ક્લેશ ઉદાર કહેવાય છે.

આ ચાર ભેદ અવિદ્યાના નહિ પણ બીજા ચાર ક્લેશોના છે.

०५. अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ।

(૫) અનિત્ય, અપવિત્ર, દુઃખ ને અનાત્મામાં નિત્ય, પવિત્ર, સુખ ને આત્મભાવની પ્રતીતિ કે અવિદ્યા કહેવાય છે.

મનુષ્યશરીર તથા આ જગત અનિત્ય છે એ વાતને જાણવા કે સમજવા છતાં પણ જેના પ્રભાવથી મનુષ્ય એને નિત્ય સમજે છે ને રાગદ્વેષનો શિકાર બને છે, તે અનિત્યમાં નિત્યની અનુભૂતિરૂપી અવિદ્યા છે.

તે પ્રમાણે હાડ, માંસ ને મળમૂત્ર જેવા અપવિત્ર પદાર્થોથી ભરેલા શરીરને અપવિત્ર સમજીને પણ જેને લીધે માણસ તેમાં પવિત્રતાનું અભિમાન રાખે છે ને તેમની મમતા કે આસક્તિમાં પડે છે, તે અપવિત્ર પદાર્થમાં પવિત્રની અનુભૂતિરૂપી અવિદ્યા છે.

તે પ્રમાણે ભોગમાત્ર દુઃખમય છે, ને સંસાર પણ ક્લેશકારક છે તેમ સમજવા છતાં પણ તેમને સુખમય માનીને માણસ તેમને ભોગવે છે, તે દુઃખમાં સુખની અનુભૂતિરૂપી અવિદ્યા છે.

વળી જડ શરીર ને આત્મા અલગ અલગ છે, એ વાત દીવા જેવી ઉઘાડી છે. છતાં પણ માણસ શરીરને જ સર્વ કાંઈ માની લે છે, ને આત્માને ઓળખતો નથી, તે અનાત્મભાવમાં આત્મભાવની અનુભૂતિરૂપી અવિદ્યા છે.

०६. दृग्दर्शनशक्त्योरेकात्मतेवास्मिता ।

(૬) દૃક્ શક્તિ ને દર્શન શક્તિ એ બંનેની એકરૂપતાને અસ્મિતા કહે છે.

દૃક શક્તિ એટલે દૃષ્ટા પુરુષ ને દર્શનશક્તિ એટલે બુદ્ધિ. તે બંને અલગ અલગ છે. દૃષ્ટા ચેતન ને બુદ્ધિ જડ છે. પરંતુ અવિદ્યાને લીધે બંનેની એકતા થઈ હોય તેવું લાગે છે. તેને જ દૃષ્ટા ને દૃશ્યનો સંયોગ કહે છે. નિર્બીજ સમાધિ દ્વારા અવિદ્યાનો નાશ ના થાય, ત્યાં સુધી આ સંયોગ ચાલુ રહે છે. એથી એના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી થઈ શકતો. માટે સાધકે સાધના દ્વારા અવિદ્યાને દૂર કરીને અસ્મિતાનો નાશ કરવાની જરૂર છે.

०७. सुखानुशयी रागः ।

(૭) સુખના અનુભવની પાછળ રહેનારા ક્લેશને રાગ કહે છે.

જે પદાર્થમાં સુખની પ્રતીતિ થાય તેમાં ધીરેધીરે મમતા ને આસક્તિ થતી જાય છે. તે જ રાગ છે.

०८. दुःखानुशयी द्वेषः ।

(૮) દુઃખના અનુભવની પાછળ રહેનારા ક્લેશને દ્વેષ કહે છે.

જે પદાર્થ આપણે માટે દુઃખકારક થઈ પડે, તેમાં ધીરેધીરે દ્વેષબુદ્ધિ થવા માંડે છે.

०९. स्वरसवाही विदुषोऽपि तथारूढो भिनिवेशः ।

(૯) મૂઢ તથા વિવેકી કે જ્ઞાની અથવા સાક્ષર કે નિરક્ષર પુરુષોમાં જે જોવામાં આવે છે તે મરણભયરૂપી ક્લેશ અભિનિવેશ કહેવાય છે. તે સ્વાભાવિક હોય તેમ લાંબા વખતથી ચાલ્યો આવે છે.

નાનામાં નાનાં પ્રાણીથી માંડીને મોટામાં મોટાં પ્રાણી જીવનને ચાહે છે ને મરણથી ડરે છે. મરણનો ભય જીવોના અંતરના ઊંડાણમાં પ્રવેશીને રહેલો છે. તેથી તે અભિનિવેશ કહેવાય છે.

१०. ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः ।

(૧૦) સૂક્ષ્મ કરવામાં આવેલા ક્લેશોનો નાશ સાધના દ્વારા ચિત્તનો પોતાના કારણમાં લય કરીને કરવો જોઈએ.

ક્રિયાયોગ કે ધ્યાનયોગથી ક્લેશો સૂક્ષ્મ કે તનુ થઈ શકે છે. તેનો જે સૂક્ષ્માંશ બાકી રહ્યો હોય, તેનો નાશ દૃષ્ટા ને દૃશ્યનો સંયોગ મટવાથી થઈ જાય છે. તે વિના ક્લેશોનો આત્યંતિક અથવા પૂરેપૂરો નાશ નથી થતો.

૧૧. ध्यानहेयास्तद्वृत्तयः ।

(૧૧) ક્લેશોની સ્થૂલ વૃત્તિઓનો નાશ ધ્યાનની મદદથી કરવો જોઈએ.

ક્રિયાયોગ દ્વારા જો ક્લેશોને સૂક્ષ્મ કર્યા ના હોય, તો ધ્યાન દ્વારા તેમને સૂક્ષ્મ કરીને તેમનો આત્યંતિક નાશ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

૧૨. क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः ।

(૧૨) ક્લેશમૂલક કર્મસંસ્કારોના સમૂહનો ભોગ દૃષ્ટ અને અદૃષ્ટ એટલે કે ચાલુ તેમજ ભવિષ્યમાં થનારા બંને પ્રકારના જન્મોમાં કરવો પડે છે.

ઉપર જેમનું વર્ણન થઈ ગયું છે તે પાંચ ક્લેશ કર્મોના સંસ્કારોના મૂળ જેવાં છે. ક્લેશ દૂર થયા પછી જે કર્મો થાય છે તે અહંકાર ને આસક્તિ વિના થતા હોવાથી બંધનકારક થતાં નથી. તેમનો કર્માશય બનતો નથી. કર્માશય વર્તમાન તેમજ ભવિષ્યકાળના જન્મોનું તથા જન્મોમાં પડનારાં દુઃખોનું કારણ છે. માટે તેનો નાશ કરવાની જરૂર છે.

૧૩. सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ।

(૧૩) જ્યાં સુધી ક્લેશરૂપી મૂળ ચાલુ રહે છે ત્યાં સુધી કર્માશયના પરિણામરૂપે સારી કે નરસી યોનિમાં વારંવાર જન્મ થયા કરે છે. અમુક આયુષ્ય ભોગવીને પછી મૃત્યુને શરણે થવું પડે છે ને જીવનમાં પરિણામે દુઃખકારક એવા ભોગ ભોગવવા પડે છે. એ પ્રમાણે કર્માશયનું પરિણામ ત્રણ પ્રકારનું હોય છેઃ- પુનર્જન્મ, આયુ ને ભોગ.

૧૪. ते ह्लादपरितापफलाः पुण्यापुण्यहेतुत्वात् ।

(૧૪) તે ત્રણે (જન્મ, આયુ ને ભોગ) પોતપોતના કારણ પ્રમાણે હર્ષ ને શોકરૂપી ફલ આપનારાં સાબિત થાય છે, કેમ કે પુણ્યકર્મ ને પાપકર્મ બંને તેમનાં કારણ છે.

જે જન્મ પુણ્યકર્મના પરિણામે પ્રાપ્ત થાય છે તે સુખદાયક ને જે પાપકર્મના પરિણામે પ્રાપ્ત થાય તે દુઃખદાયક હોય છે. તે પ્રમાણે આયુષ્યનો જેટલો કાળ શુભકર્મના પરિણામરૂપે હોય તેટલો સુખદાયક ને જેટલો પાપકર્મના પરિણામરૂપે હોય તેટલો દુઃખદાયક થાય છે. તે જ પ્રમાણે જે જે ભોગ, એટલે કે મનુષ્ય, પ્રાણી, પદાર્થ, ક્રિયા ને પરિસ્થિતિના સંયોગ-વિયોગ પુણ્યકર્મના પરિણામે પ્રાપ્ત થાય છે તે આનંદકારક ને જે પાપકર્મના પરિણામે પ્રાપ્ત થાય છે તે શોકકારક થઈ પડે છે. આનો અર્થ એવો નથી કે દુઃખદાયક ફળ દેનારા કર્માશયનો જ નાશ કરવો ને સુખકારક કર્માશય કાયમ રહેવા દેવા. બંને પ્રકારના કર્માશય દુઃખમય હોઈ નાશ કરવા યોગ્ય છે. તે વાત આગળ પર કહી છે.

૧૫. परिणामतापसंस्कारदुःखैर्गुणवृत्तिविरोधाच् च दुःखम् एव सर्वं विवेकिनः ।

(૧૫) પરિણામ દુઃખ, તાપદુઃખ ને સંસ્કારદુઃખ એ ત્રણ જાતના દુઃખ બધામાં રહેલાં છે. તેમજ ત્રણ ગુણોની વૃત્તિઓમાં પરસ્પર વિરોધ રહેલો છે. તેથી વિવેકીને માટે બધી જાતના કર્મફળ દુઃખમય જ છે.

(૧) પરિણામદુઃખ - જે કર્મફળ ભોગકાળમાં, શરૂઆતમાં સુખમય દેખાય છે, તેનું પરિણામ પણ છેવટે તો દુઃખ જ છે. જેમકે શરીરસુખ માણતી વખતે સ્ત્રી તેમજ પુરુષને સુખ લાગે છે, પણ પરિણામે તે દુઃખદ દેખાય છે. કારણકે તેથી બલ, વીર્ય, યૌવન ને સ્મરણશક્તિ વગેરેનો નાશ થતો જાય છે. તે જ વાત શરૂઆતમાં સુખકારક એવા બીજા ભોગોને પણ લાગુ પડે છે. ગીતામાં પણ આ વાત આવી જાય છે.

ભોગોને ભોગવવાથી છેવટે માણસ નિર્બળ બની જાય છે. છેવટે ભોગોને ભોગવવાની શક્તિ પણ તેનામાં નથી રહેતી. છતાં તેની તૃષ્ણા ચાલુ જ રહે છે. તેથી તે દુઃખકારક થઈ પડે છે. તે ઉપરાંત, કાં તો ભોગ માણસનો ત્યાગ કરે કે પછી માણસ ભોગ ને મુકીને આ સંસારમાંથી ચાલતો થાયઃ એ બેમાંથી કોઈ એક પરિણામ જરૂર આવે છે. તે દુઃખદાયક જ થઈ પડે છે.

કોઈપણ ભોગ સુખમય લાગતાં માણસને તેમાં આસક્તિ થાય છે. તેથી તે સુખ રાગ નામે ક્લેશથી મિશ્રિત હોય છે. ભોગને મેળવવા માટે માણસ પુણ્ય કે પાપ અથવા સારા નરસા કર્મો પણ કરે છે. પ્રયાસ કરવા છતાં ભોગની પ્રાપ્તિમાં સફળ ના થવાય

ત્યારે, અથવા પ્રતિકૂળ પરિસ્થિતિની પ્રાપ્તિ થતાં, દ્વેષ પણ થાય છે. કોઈને નુકસાન કરવાનું મન થાય છે. એ રીતે રાગ, દ્વેષ, હિંસા જેવી વૃત્તિના શિકાર થવું પડે છે. આ બધું પરિણામ દુઃખ કહેવાય છે.

(૨) તાપદુઃખ - ભોગ પરિપૂર્ણપણે પ્રાપ્ત થયા ના હોય તે દશામાં સંતાપ થયા કરે છે. બીજા વધારે ભોગી ને સુખી માણસોને જોઈને પણ દુઃખ, તૃષ્ણા ને ઈર્ષાનો અગ્નિ જલ્યા કરે છે. ભોગ કે સુખ છેવટે તો નાશવંત છે એવી સમજને લીધે પણ, તેના ભાવિ વિયોગની કલ્પનાથી પણ માણસને શોક થાય છે. એ બધું તાપદુઃખ છે.

(૩) સંસ્કારદુઃખ - માણસ જે ભોગો ભોગવે છે, તેના સંસ્કાર તેના મનમાં જામી જાય છે. જ્યારે ભોગ્ય પદાર્થથી તેનો વિયોગ થાય છે, ત્યારે પહેલાંનાં સુખદુઃખને યાદ કરીને તે દુઃખી થાય છે. એ રીતે એ સંસ્કારો સ્મરણ કરવાથી મહાન શોકનું કારણ થઈ પડે છે. સ્ત્રી, પુત્ર, ધન, સ્વજન ને ઘરબાર સૌના સંબંધમાં આવું છે. તે ઉપરાંત ભોગોના સંસ્કાર ભોગોમાં આસક્તિ ઉત્પન્ન કરનારા થઈ પડે છે. માટે લાંબે ગાળે દુઃખદાયક થઈ પડે છે.

(૪) ગુણવૃત્તિવિરોધ - ગુણોના કાર્યને ગુણવૃત્તિ કહે છે. તેમાં પરસ્પર વિરોધ રહેલો છે. દાખલા તરીકે, સત્વગુણનું કાર્ય, પ્રકાશ, જ્ઞાન ને સુખ છે, તો તમોગુણનું કાર્ય અંધકાર, અજ્ઞાન ને દુઃખ છે. એને લીધે સુખના સમયમાં પણ શાંતિ રહેતી નથી. સત્વગુણની વિશેષતા હોય ત્યારે પણ રજોગુણ ને તમોગુણનો છેક અભાવ નથી હોતો. તેથી તે વખતે પણ દુઃખ ને શોક કાયમ રહે છે. તે ગુણનું કાર્ય પણ સંપૂર્ણ સુખરૂપ નથી થતું.

એટલે વિવેકી પુરુષની દૃષ્ટિએ બધી પ્રકારના કર્મવિપાક દુઃખમય જ છે. ભોગ પણ શરૂઆતમાં સુખમય દેખાય તોપણ, છેવટે દુઃખમય જ છે.

૧૬. हेयं दुःखम् अनागतम् ।

(૧૬) જે દુઃખ ભોગવાઈ ગયા છે, તે તો મટી ગયાં છે; જે વર્તમાન છે, તે પણ ભોગવવાથી મટી જશે. પણ જે દુઃખ હજી સુધી આવ્યા નથી, પણ ભવિષ્યમાં આવનારાં છે, તેમનો

નાશ કરવાનો ઉપાય જરૂર કરવો જોઈએ. ભવિષ્યમાં આવનારાં દુઃખ હોય એટલે નષ્ટ કરવા યોગ્ય છે.

१७. द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः ।

(૧૭) દૃષ્ટા ને દૃશ્યનો સંયોગ હેયનું કારણ છે.

દૃષ્ટા ને દૃશ્ય અથવા પુરુષ ને પ્રકૃતિના સંયોગનો નાશ કરી દેવાથી માણસ સઘળા દુઃખોથી મુક્તિ મેળવી શકે છે. તુલસીદાસે રામાયણમાં જડ ને ચેતનની ગ્રંથિ પડી એમ જે કહ્યું છે તે તેને માટે જ કહ્યું છે.

१८. प्रकाशक्रियास्थितिशीलं भूतेन्द्रियात्मकं भोगापवर्गार्थं दृश्यम् ।

(૧૮) દૃશ્ય કેવું છે ?

પ્રકાશ, ક્રિયા ને સ્થિતિ તેનો સ્વભાવ છે, ભૂત તથા ઈન્દ્રિયો તેનું પ્રકટ સ્વરૂપ છે, ને પુરુષને માટે ભોગ ને મુક્તિની પ્રાપ્તિ તેનો ઉદ્દેશ છે.

સત્વગુણ, રજોગુણ ને તમોગુણ એ ત્રણ ગુણ ને તેમનું કાર્ય દૃશ્યની અંદર સમાઈ જાય છે. સત્વગુણનો મુખ્ય ધર્મ પ્રકાશ, રજોગુણનો મુખ્ય ધર્મ ક્રિયા ને તમોગુણનો મુખ્ય ધર્મ સ્થિતિ કે જડતા છે. એ ત્રણે ગુણની સભ્યાવસ્થાને જ પ્રકૃતિ કહેવામાં આવે છે. એટલે બધી દશામાં રહેલો પ્રકૃતિના ત્રણે ગુણોનો જે પ્રકાશ, ક્રિયા ને સ્થિતિરૂપ સ્વભાવ તે જ દૃશ્યનો સ્વભાવ છે.

પંચમહાભૂત, પાંચ તન્માત્રા, પાંચ કર્મેન્દ્રિયો તથા મન, બુદ્ધિ ને અહંકાર પ્રકૃતિના કાર્યરૂપ હોવાથી દૃશ્યનું સ્વરૂપ છે.

તે દૃશ્યનો ઉદ્દેશ શો છે ? ભોગ ને મોક્ષ. ભોગીને પોતાની અંદર આસક્ત કરીને ભોગનો સ્વાદ ચખાડવો ને યોગીને દૃષ્ટાનું દર્શન કરાવીને મુક્તિનું દાન દેવું એ તેનો ઉદ્દેશ છે. સ્વરૂપનું દર્શન થયાં પછી તેનો ઉદ્દેશ પૂરો થાય છે.

१९. विशेषाविशेषलिङ्गमात्रालिङ्गानि गुणपर्वाणि ।

(૧૯) ગુણોના ભેદ કે ગુણોની અવસ્થા ચાર છે : વિશેષ, અવિશેષ, લિંગમાત્ર ને અલિંગ.

૧. પંચ મહાભૂત (પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ ને આકાશ), પાંચ ઈન્દ્રિયો, કર્મેન્દ્રિયો ને મન એ સોળ વસ્તુને વિશેષ કહેવામાં આવે છે. ગુણોના વિશેષ ધર્મોની અભિવ્યક્તિ તેથી જ થાય છે.

૨. પાંચ તન્માત્રા એટલે સૂક્ષ્મ મહાભૂત (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ ને છઠ્ઠો અહંકાર), તે સૌ મળીને અવિશેષ કહેવાય છે. તેમનું સ્વરૂપ ઈન્દ્રિયગોચર નથી માટે પણ તે અવિશેષ કહેવાય છે.

૩. ઉપર કહેલા બાવીસ તત્વોનું કારણ જે મહાતત્વ છે, તે લિંગમાત્ર કહેવાય છે. ગીતામાતાએ તેને બુદ્ધિનું નામ પણ આપેલું છે.

૪. જેને ત્રણે ગુણોની સભ્યાવસ્થા માની છે તે મૂળ પ્રકૃતિ અલિંગ છે. મહત્તત્વ તેનું પ્રથમ પરિણામ કે કાર્ય છે. ગીતામાતાએ તેને અવ્યક્ત નામ આપેલું છે. સભ્યાવસ્થાને પામેલા ગુણોના સ્વરૂપની અભિવ્યક્તિ નથી થતી, તેથી પ્રકૃતિને અલિંગ-નિશાનીરહિત કે અવ્યક્ત પણ કહે છે.

ચાર અવસ્થામાં રહેનારા આ સત્વાદિ ગુણ જ દૃશ્ય કહેવાય છે.

२०. द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः ।

(૨૦) દૃષ્ટા આત્મા ચિન્મય ને સ્વભાવથી સંપૂર્ણપણે શુદ્ધ છે. છતાં પણ બુદ્ધિના સંબંધથી તે બુદ્ધિને અનુકૂળ થઈને જુએ છે. તેથી જ તે દૃષ્ટા કહેવાય છે.

દૃષ્ટા પુરુષ સંપૂર્ણપણે શુદ્ધ, નિર્વિકાર ને નિર્ગુણ છે. પરંતુ અવિદ્યાને લીધે તેનો પ્રકૃતિની સાથે સંબંધ થયેલો છે. તેથી તે પોતાના મૂળ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ શકતો નથી, ને ઊલટું, બુદ્ધિ સાથે એકરૂપ થઈને બુદ્ધિ ચલાવે તેમ ચાલે છે; બુદ્ધિની વૃત્તિઓને જુએ છે. એટલે જ તે દૃષ્ટા કહેવાય છે. પ્રકૃતિના પાશમાંથી મુક્તિ મેળવે પછી તે દૃષ્ટા મટી જાય છે. કેવલ ચેતનમાત્ર ને વિશુદ્ધ બની રહે છે.

२१. तदर्थ एव दृश्यस्यात्मा ।

(૨૧) દૃશ્યનું સ્વરૂપ તે દૃષ્ટાને માટે જ છે.

દ્રષ્ટાને પોતાના દર્શન દ્વારા ભોગ પ્રદાન કરવા ને સ્વરૂપનું દર્શન કરાવીને મોક્ષનું દાન દેવા માટે જ દૃશ્યનું અસ્તિત્વ છે. દૃશ્યનો ઉદ્દેશ તે જ છે.

૨૨. कृतार्थं प्रति नष्टम् अप्यनष्टं तदन्यसाधारणत्वात् ।

(૨૨) ભોગ ને મોક્ષનો અનુભવ જેમણે કરી લીધો છે, તેવા પુરુષોને માટે પ્રકૃતિનો નાશ અથવા અભાવ થઈ જાય છે. છતાં પણ તે સંપૂર્ણપણે નષ્ટ થતી નથી. કેમકે બીજા જીવોને માટે તે રહે છે. આથી જણાય છે કે પ્રકૃતિ પરિણામી હોવા છતાં પણ અનાદિ ને નિત્ય છે.

૨૩. स्वस्वामिशक्त्योः स्वरूपोपलब्धिहेतुः संयोगः ।

(૨૩) સ્વશક્તિ એટલે પ્રકૃતિ ને સ્વામીશક્તિ એટલે પુરુષ. એ બંનેના સ્વરૂપની પ્રાપ્તિનું જે કારણ છે, તે સંયોગ કહેવાય છે.

દૃશ્યનું સ્વરૂપ દ્રષ્ટાને માટે જ છે. તેથી પુરુષને પ્રકૃતિનો સ્વામી કહ્યો છે, ને પ્રકૃતિને પુરુષની પોતાની વસ્તુ માની છે. તે પ્રકૃતિની સાથે સંબંધ થવાથી પુરુષ પ્રકૃતિનાં જુદાંજુદાં રૂપોને જુએ છે ને તેનો ભોગ કરે છે. તેથી વિરક્ત થઈને જ્યારે તે સ્વરૂપનું દર્શન કરવા મથે છે, ત્યારે તેને સ્વરૂપનું દર્શન થઈ જાય છે. પછી સંયોગની જરૂર ના રહેવાથી તે મટી જાય છે. તેને જ પુરુષની કૈવલ્યદશા કહે છે.

૨૪. तस्य हेतुरविद्या ।

(૨૪) તે સંયોગનું કારણ અવિદ્યા છે.

શુદ્ધ, ચેતન ને નિર્વિકાર પુરુષનો જડ પ્રકૃતિની સાથેનો સંબંધ અવિદ્યાને લીધે છે. સ્વરૂપના અજ્ઞાનનું નામ અવિદ્યા છે. સ્વરૂપના જ્ઞાનથી તેનો નાશ થઈ જાય છે.

૨૫. तदभावात् संयोगाभावो हानं तद्दृशेः कैवल्यम् ।

(૨૫) આત્માની અનુભૂતિ થવાથી અવિદ્યા મટી જાય છે. તેથી સંયોગ પણ મટી જાય છે. પછી જન્મ ને મરણ જેવાં બીજાં બધાં જ દુઃખોનો કાયમ માટે અંત આવી જાય છે. તેને 'હાન' કહેવામાં આવે છે. તે વખતે પુરુષ પોતાની સહજ કૈવલ્ય દશાની પ્રાપ્તિ કરી લે છે.

૨૬. विवेकख्यातिरविप्लवा हानोपायः ।

(૨૬) નિર્મળ ને શાંત વિવેકજ્ઞાન 'હાન' નો ઉપાય છે.

પ્રકૃતિ ને તેના કાર્યનું યથાર્થ જ્ઞાન થઈ જાય, ને આત્મા તેથી અલગ છે ને અસંગ છે, એ પ્રમાણે પુરુષના યથાર્થ સ્વરૂપનું પણ જ્ઞાન થઈ જાય તેને વિવેકજ્ઞાન કહે છે. સમાધિમાં સહજ સ્થિતિ થવાથી તે જ્ઞાન પૂર્ણ ને પવિત્ર થઈ જાય, ત્યારે તે અવિપ્લવ વિવેકજ્ઞાન કહેવાય છે. તેથી સંસારના બીજ જેવાં ક્લેશ ને કર્મોનો નાશ થઈ જાય છે. ચિત્ત પોતાના કારણમાં લય પામી જાય છે ને મુક્તિ સહજ બને છે.

૨૭. तस्य सप्तधा प्रान्तभूमिः प्रज्ञा ।

(૨૭) નિર્મળ ને સ્થિર વિવેકજ્ઞાનથી સાધકનું ચિત્ત તદ્દન નિર્મળ બની જાય છે, ત્યારે તેમાં સાંસારિક જ્ઞાન નથી જાગતું. તેવો સાધક સાત પ્રકારની ઉન્નત દશાવાળી પ્રજ્ઞાની પ્રાપ્તિ કરે છે.

તેમાં પહેલી ચાર પ્રકારની પ્રજ્ઞા કાર્યવિમુક્તિ પ્રજ્ઞા ને બીજી ત્રણ પ્રકારની પ્રજ્ઞા ચિત્તવિમુક્તિ પ્રજ્ઞા કહેવાય છે.

કાર્યવિમુક્તિ પ્રજ્ઞાના ચાર ભેદ :

૧. જ્ઞેયશૂન્ય દશા - જાણવા જેવું બધું જાણી લીધું. હવે કાંઈ પણ જાણવાનું બાકી ના રહ્યું. જે દૃશ્ય છે તે બધું જ પરિણામ, તાપ, સંસ્કારદુઃખ તથા ગુણવૃત્તિવિરોધને લીધે દુઃખરૂપ છે, ને તેથી ત્યાજ્ય છે, એવી પ્રજ્ઞા.

૨. હેયશૂન્ય દશા - દૃષ્ટા ને દૃશ્યના સંયોગને મિટાવી દીધો. હવે મિટાવવા જેવું કાંઈ જ રહ્યું નહિ, તેવી પ્રજ્ઞા.

૩. પ્રાપ્યપ્રાપ્ત દશા - પ્રાપ્ત કરવા જેવું બધું જ પ્રાપ્ત કરી લીધુ, સમાધિ દ્વારા કેવલ દશા પણ મેળવી લીધી. હવે મેળવવા જેવું કાંઈ પણ બાકી ના રહ્યું, તેવી પ્રજ્ઞા.

૪. ચિકીર્ષાશૂન્ય દશા - જે કાંઈ કરવા જેવું હતું તે કરી લીધું. 'હાન' ના ઉપાય જેવું નિર્મળ ને સ્થિર વિવેકજ્ઞાન પણ મેળવી લીધું. હવે કાંઈ જ કરવાનું બાકી ના રહ્યું, તેવી પ્રજ્ઞા.

ચિત્તવિમુક્તિ પ્રજ્ઞાના ત્રણ ભેદ -

૧. ચિત્તની કૃતાર્થતા - ભોગ ને મોક્ષ દેવાનું પોતાનું ખાસ કામ ચિત્તે પૂરું કરી લીધું. હવે તેનું કોઈ કામ બાકી ના રહ્યું, તેવી પ્રજ્ઞા.

૨. ગુણલીનતા - ચિત્તનું કોઈ ખાસ કામ બાકી ના રહેવાથી તે પોતાના કારણરૂપ ગુણોમાં લીન થવા માંડે છે, તેવી પ્રજ્ઞા.

૩. આત્મસ્થિતિ - ગુણથી પર થયેલો પુરુષ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ ગયો. હવે કાંઈ પણ બાકી ના રહ્યું. તેવી પ્રજ્ઞા.

આ સાત પ્રકારની પ્રાન્તભૂમિપ્રજ્ઞાને અનુભવનારો યોગી કુશળ જીવનમુક્ત કહેવાય છે, ને ચિત્ત જ્યારે પોતાના કારણમાં લીન થઈ જાય છે, ત્યારે પણ કુશળ વિદેહમુક્ત કહેવાય છે.

૨૮. योगाङ्गानुष्ठानाद् अशुद्धिक्षये ज्ञानदीप्तिरा विवेकख्यातेः ।

(૨૮) યોગનાં અંગોનું અનુષ્ઠાન કરવાથી, અશુદ્ધિઓનો નાશ થવાથી, જ્ઞાનનો વિવેકખ્યાતિ સુધીનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.

યોગના અભ્યાસથી ચિત્ત નિર્મળ થતાં બુદ્ધિ, અહંકાર ને ઈન્દ્રિયોથી ભિન્ન આત્માનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

૨૯. यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टाव अङ्गानि ।

(૨૯) યોગનાં અંગ આઠ છે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ.

३०. अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ।

(30) યમ પાંચ છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ.

३१. जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् ।

(૩૧) તે યમનું પાલન જો જાતિ, દેશ, કાળ ને નિમિત્તનો વિકલ્પ રાખ્યા વિના, બધે વખતે ને બધે સ્થળે કરવામાં આવે, તો તે મહાવ્રત થઈ જાય છે.

કોઈ માણસ નિયમ લે કે શ્રીમંતોને ત્યાં ચોરી કરીશ, ગરીબોના ઘરમાં નહિ કરું, તો તે જાતિ-અવચ્છિન્ન અસ્તેય કહેવાય. તે પ્રમાણે યાત્રાનાં ધામ કે દેવમંદિરોમાં જ ચોરી ના કરવાનો નિયમ લેવામાં આવે, તો તે દેશ-અવચ્છિન્ન અસ્તેય કહેવાય. કોઈ પર્વદિવસે કે દિવસ કે રાતના અમુક સમયે ચોરી ના કરવાનો નિયમ કાલાવચ્ચિન્ન અસ્તેય કહેવાય. કોઈ કારણ કે નિમિત્તથી ચોરી કરવામાં આવે, ને નિમિત્ત પૂરું થતાં ચોરી ના કરાય, તો તે સમયાવચ્છિન્ન અસ્તેય કહેવાય છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના, બધા જીવોની સાથે, બધા જ સ્થળે ને સમયે, યમનું પાલન કરવામાં આવે, ને કોઈ કારણે તેમાં સ્ખલન ના થાય તેનું ધ્યાન રાખવામાં આવે, તો તે મહાવ્રતને નામે ઓળખાય છે.

૩૨. शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ।
(૩૨) શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય ને ઈશ્વરની ભક્તિ અથવા શરણાગતિ નિયમ કહેવાય છે.

૩૩. वितर्कबाधने प्रतिपक्षभावनम् ।
(૩૩) કોઈવાર કોઈ કારણથી મનમાં વિરોધી વિચાર ઉત્પન્ન થાય, ને હિંસા તથા અસત્ય વગેરેમાં પ્રવૃત્ત થઈને યમનિયમનો ત્યાગ કરવાનું મન થાય, ત્યારે પોતાની સલામતીને માટે તેવા વિચારોના દોષનો વારંવાર વિચાર કરવો ને તેમને દૂર કરવા માટે બીજા બળવાન સારા વિચારો ઉત્પન્ન કરવા.

૩૪. वितर्का हिंसादयः कृतकारितानुमोदिता लोभक्रोधमोहपूर्वका
मृदुमध्याधिमात्रा दुःखाज्ञानानन्तफला इति प्रतिपक्षभावनम् ।
(૩૪) યમ ને નિયમથી જે વિરુદ્ધ છે, તે વિતર્ક કહેવાય છે. જેમ કે હિંસાદિ. તેના ત્રણ પ્રકાર છેઃ

૧. પોતાની મેળે કરેલા
૨. બીજાના કહેવાથી કે કરાવવાથી કરેલા, ને
૩. કોઈના ટેકાથી કરેલા.

તે વિતર્ક કે દોષ કોઈવાર લોભને લીધે, કોઈવાર સાધારણ સ્વરૂપમાં, કોઈવાર મધ્યમ સ્વરૂપમાં, તો કોઈવાર અસાધારણ કે ભયંકર સ્વરૂપે, તે સાધકની સામે પ્રકટ થાય છે. તે વખતે સાધકે સાવધાન થઈને વિચાર કરતાં ને પોતાની જાતને સંભાળી લેતાં શીખવું જોઈએ. કેમ કે તે સર્વ પ્રકારે દુઃખદાયક ને અજ્ઞાનથી અંધ કરીને અનેક જાતની કષ્ટકારક યોનિઓમાં ભટકાવનાર છે. એ પ્રમાણે વારંવાર વિચાર કરતાં રહેવું તેને પ્રતિપક્ષીય ભાવના કહે છે.

३५. अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

(૩૫) અહિંસામાં સંપૂર્ણપણે પ્રતિષ્ઠિત થવાથી અથવા તો પૂર્ણ અહિંસાની મૂર્તિ બનવાથી, માણસની પાસેનાં કે આજુબાજુનાં બધાં પ્રાણી પણ વેરભાવનો ત્યાગ કરી દે છે તેવા મહાપુરુષની અંદર તો કોઈ જાતનો વેરભાવ ટકતો જ નથી.

३६. सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ।

(૩૬) સત્યમાં પ્રતિષ્ઠિત થવાથી એટલે કે જીવનને સંપૂર્ણપણે સત્યમય કરી દેવાથી, યોગી કર્તવ્યપાલનરૂપ બધી ક્રિયાઓના ફળના આશ્રય જેવો બની જાય છે. જે કર્મ કોઈએ ના કર્યું હોય, તેનું ફળ પણ તે આપી શકે છે. તેનું વરદાન, તેનો સંકલ્પ, આશીર્વાદ કે શાપ સદા સત્ય જ ઠરે છે.

३७. अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थानम् ।

(૩૭) અસ્તેયમાં પ્રતિષ્ઠિત થવાથી અથવા અસ્તેયની મૂર્તિ બનવાથી માણસની પાસે બધી જાતનાં રત્નો ઉપસ્થિત શાય છે.

३८. ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ।

(૩૮) બ્રહ્મચર્યમાં પ્રતિષ્ઠિત થવાથી અથવા બ્રહ્મચર્યનું બરાબર પાલન કરવાથી મન, બુદ્ધિ, ઈન્દ્રિયો ને શરીરમાં અલૌકિક શક્તિનું પ્રાકટય થાય છે. તેવી અસાધારણ શક્તિની બરાબરી બીજા કોઈ સાધારણ માણસથી થઈ શકતી નથી.

३९. अपरिग्रहस्थैर्ये जन्मकथंतासंबोधः ।

(૩૯) અપરિગ્રહમાં પ્રતિષ્ઠા થવાથી પૂર્વજન્મ તથા વર્તમાન જન્મનાં રહસ્યોનું જ્ઞાન થઈ જાય છે.

પૂર્વજન્મમાં સાધક ક્યાં હતો, શું કરતો હતો, તે વાત જણાઈ જાય છે. તેથી ઉત્સાહ ને આત્મબલ વધે છે તથા યોગસાધનામાં પ્રગતિ કરવાની પ્રેરણા મળે છે.

૪૦. शौचात् स्वाङ्गजुगुप्सा परैरसंसर्गः ।

(૪૦) શૌચના અભ્યાસથી સાધકને પોતાના શરીરમાં અપવિત્રતાનું ભાન થવાથી તેમાં વૈરાગ્યબુદ્ધિ ને ઉપરામતા થાય છે, આસક્તિ નથી રહેતી, ને બીજા માણસોનો સંગ કરવાનું મન નથી થતું. શરીરના આકર્ષણ તથા ઉપભોગથી તે પર થઈ જાય છે, અથવા મુક્તિ મેળવે છે.

૪૧. सत्त्वशुद्धिसौमनस्यैकाग्र्येन्द्रियजयात्मदर्शनयोग्यत्वानि च ।

(૪૧) અંદરની શુદ્ધિનો પોતાની રુચિ પ્રમાણેના સાધનની સહાયતા લઈને અભ્યાસ કરવાથી રાગ, દ્વેષ ને અહંકાર જેવા મેલનો નાશ થઈને હૃદય નિર્મળ બને છે. મનની ચંચલતા ને ઉદાસીનતાનો અંત આવતાં મન એક પ્રકારની પવિત્ર પ્રસન્નતાથી ભરાઈ જાય છે. ઈન્દ્રિયોનો સંયમ સ્વાભાવિક થઈ જાય છે, ને આત્માનું દર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

૪૨. संतोषाद् अनुत्तमः सुखलाभः ।

(૪૨) સંતોષના સેવનથી અશાંતિ, પરાવલંબન, તૃષ્ણા ને ભ્રમણાનો અંત આવે છે, ને અનન્ય ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

૪૩. कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात् तपसः ।

(૪૩) આત્મોન્નતિને માટે કરતાં વ્રત, ઉપવાસ તથા તે માટે થતું કષ્ટ સહન તપ કહેવાય છે. તેના પ્રભાવથી તન ને મન નિર્મલ થાય છે, ને વશ પણ થઈ જાય છે. તેથી યોગીને અદૃશ્ય થવું, મોટા કે નાના બનવું વગેરે શરીર સાથે સંબંધ ધરાવતી સિદ્ધિઓ પ્રાપ્ત થાય

છે; તથા દૂરદર્શન, દૂરશ્રવણ જેવી ઈન્દ્રિયો સાથે સંબંધ ધરાવતી સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે.

૪૪. स्वाध्यायाद् इष्टदेवतासंप्रयोगः ।

(૪૪) શાસ્ત્રાભ્યાસ, જપ, ધ્યાન કે પ્રાર્થના જેવા સ્વાધ્યાયથી ઈષ્ટદેવતાનો સાક્ષાત્કાર થઈ જાય છે. સાધક જેનું દર્શન કરવા ચાહે, તેનું દર્શન તેને થઈ શકે છે.

૪૫. समाधिसिद्धिरीश्वरप्रणिधानात् ।

(૪૫) ઈશ્વરપ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થઈ જાય છે. ઈશ્વરપ્રણિધાનને લીધે સાધકની સાધનાનો ભાર ઈશ્વર પોતે જ ઉપાડી લે છે.

૪૬. स्थिरसुखम् आसनम् ।

(૪૬) સ્થિરતાથી, વિશેષ હલનચલન વિના, સુખપૂર્વક બેસવું તેને આસન કહે છે.

સાધક પોતાની પસંદગી પ્રમાણે બેસવા માટે કોઈપણ પ્રકારની પદ્ધતિનો આધાર લઈ શકે છે. તે બાબત કોઈ દુરાગ્રહ નથી, ને ના હોઈ શકે.

૪૭. प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् ।

(૪૭) શરીરને સ્થિર રાખીને સુખપૂર્વક બેઠા પછી શરીર સાથે સંબંધ ધરાવતી બધી ક્રિયાઓનો ત્યાગ કરી દેવો. તેને પ્રયત્નની શિથિલતા કહે છે. તે ઉપરાંત, શરીરને સ્થિર રાખવા માટે અહંભાવથી પ્રેરાઈને બળજબરીથી કરાતો પ્રયાસ પણ નકામો છે. તેનો ત્યાગ કરવો જોઈએ. તેને પણ પ્રયત્નની શિથિલતા કહી શકાય. તેનાથી આસનની સિદ્ધિ થઈ જાય છે. અનંત પરમાત્મામાં મનને જોડી દેવાનો પ્રામાણિક પ્રયત્ન કરવાથી પણ તે જ પ્રમાણે, આસનસિદ્ધિ સહજ બને છે.

૪૮. ततो द्वन्द्वानभिघातः ।

(૪૮) આસનની સિદ્ધિ થવાથી સાધકના શરીર પર દ્વંદ્વોનો પ્રભાવ નથી પડતો.

ટાઢ, તાપ જેવા દ્વંદ્વોને સહન કરવાની શક્તિ સાધકની અંદર આવી જાય છે. દ્વંદ્વો તેના ચિત્તને ચંચલ કરીને સાધનામાં નડતરરૂપ થતાં નથી.

૪૯. तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ।

(૪૯) પ્રાણવાયુ શરીરમાં પ્રવેશે તે શ્વાસ ને શરીરમાંથી બહાર નીકળે તે પ્રશ્વાસ કહેવાય છે. તે બંને પ્રકારની ક્રિયા અટકી જાય તેને પ્રાણાયામ કહેવામાં આવે છે. આસનની સિદ્ધિ થયા બાદ એ થઈ શકે છે.

૫૦. बाह्याभ्यन्तरस्तम्भवृत्तिः देशकालसंख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः ।

(૫૦) તે પ્રાણાયામ બાહ્યવૃત્તિ, આભ્યંતર વૃત્તિ ને સ્તંભવૃત્તિ એમ ત્રણ પ્રકારનો હોય છે. તથા તે દેશ, કાળ ને સંખ્યાથી જોઈ શકાય છે. તથા દીર્ઘ ને સૂક્ષ્મ થઈ શકે છે.

આ ત્રણ પ્રકારના પ્રાણાયામને પૂરક, રેચક ને કુંભક પણ કહે છે.

૧. બાહ્યવૃત્તિ અથવા રેચક - પ્રાણવાયુને શરીરની બહાર કાઢીને જેટલા વખત સુધી સુખપૂર્વક રોકી શકાય તેટલા વખત સુધી બહાર રોકી રાખવો, તેને રેચક પ્રાણાયામ કહે છે. તે બહાર ક્યાં, કેટલા વખત સુધી પ્રાણની સહજ ગતિની કેટલી સંખ્યા સુધી રોકાયેલો રહે છે તે જાણી શકાય છે. અભ્યાસ વધવાથી તે લાંબા વખત લગી કરી શકાય છે, ને સૂક્ષ્મ ને સહજ પણ થઈ શકે છે.

૨. આભ્યંતર વૃત્તિ અથવા પૂરક - પ્રાણવાયુને અંદર લઈ જઈને સુખપૂર્વક રોકી શકાય તેટલો વખત રોકી રાખવો તેને પૂરક કહે છે. અંદરના પ્રદેશમાં ક્યાં, કેટલા વખત સુધી તે રોકાય છે તે જાણી શકાય છે. અભ્યાસ વધવાથી તે દીર્ઘ કાળ સુધી ટકનારો તથા સહજ બની શકે છે.

3. સ્તંભવૃત્તિ અથવા કુંભક - પ્રાણવાયુને બહાર કાઢવાનો કે અંદર લઈ જવાનો પ્રયાસ બંધ કરીને, જે દશામાં ને જ્યાં હોય ત્યાં ને તે જ દશામાં તેની ગતિ રોકી દેવી તેને કુંભક કહે છે. તે વખતે પણ પ્રાણ ક્યાં, કેટલા સમય સુધી ને પ્રાણની સ્વાભાવિક ગતિની કેટલી સંખ્યા સુધી રોકાય છે તે જાણી શકાય છે. અભ્યાસના પ્રભાવથી તે પણ દીર્ઘ કાળ સુધી ટકનારો ને સહજ બને છે.

પ્રાણાયામ સાથે મંત્રજપ કરવાનું વિધાન શાસ્ત્રીય ને સામાન્ય તથા સર્વસ્વીકૃત જેવું છે.

૫૧. बाह्याभ्यन्तरविषयाक्षेपी चतुर्थः ।

(૫૧) અંદર ને બહારના વિષયોમાંથી ચિત્તની વૃત્તિ હઠી જતાં આપોઆપ થનારો, ઉપર કહેલા ત્રણ પ્રકારના પ્રાણાયામથી જુદો, એક ચોથો જ પ્રાણાયામ છે.

બહાર ને અંદરના વિષયોનું ચિંતન છોડી દઈને મનને પ્રભુપરાયણ કરી દેવાથી, પ્રાણની ગતિ સહજ રીતે અટકી પડે છે. તે વખતે દેશ, કાળ ને સંખ્યાનું જ્ઞાન જરાપણ નથી રહેતું. મનની ચંચલતા મટવાથી તે સહજ બની રહે છે. તેને રાજયોગનો પ્રાણાયામ પણ કહેવામાં આવે છે.

૫૨. ततः क्षीयते प्रकाशावरणम् ।

(૫૨) તે પ્રાણાયામના અભ્યાસથી પ્રકાશનું આવરણ દૂર થઈ જાય છે.

પ્રકાશ અથવા પરમ જ્ઞાનસ્વરૂપ પરમાત્માની આગળ જે અજ્ઞાનનું આવરણ છે, તેનો પ્રાણાયામના લાંબા અભ્યાસ બાદ ક્ષય થઈ જાય છે. જેમ જેમ પ્રાણાયામનો અભ્યાસ વધતો જાય તેમ તેમ સાધકના કર્મસંસ્કાર ને અવિદ્યાદિ ક્લેશનો પડદો દૂર થતો જાય છો. પરમાત્માના સાક્ષાત્કારમાં તે પડદો જ અંતરાયરૂપ છે. તેનો ક્ષય થતાં જ્ઞાન સંપૂર્ણપણે ખીલી ઊઠે છે.

૫૩. धारणासु च योग्यता मनसः ।

(૫૩) વળી ધારણાઓમાં મનની યોગ્યતા મળી જાય છે.

પ્રાણાયામના અભ્યાસથી ધારણા એટલે કે મનને ગમે તે સ્થળે સ્થિર કરવાની કળા સહજ બને છે.

૫૪. स्वस्वविषयासंप्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ।

(૫૪) ઈન્દ્રિયો પોતાના વિષયોના સંબંધથી મુક્ત થઈને ચિત્તના સ્વરૂપમાં તદ્દાકાર બની જાય તેને પ્રત્યાહાર કહે છે.

પ્રાણાયામથી મન ને ઈન્દ્રિયો નિર્મલ થઈ જાય છે. તે પછી ઈન્દ્રિયોની બાહ્ય વૃત્તિને એકાગ્ર કરી મનમાં વિલીન કરવાના અભ્યાસનું નામ પ્રત્યાહાર કહેવાય છે. જ્યાં

સુધી ઈન્દ્રિયો ચંચલ ને બહિર્મુખ બનીને બહારના વિષયોમાં જ ભટક્યા કરે ને બહારના વિષયોને જ જુએ, ત્યાં સુધી પ્રત્યાહાર પૂરો થયો ના કહેવાય.

૫૫. ततः परमा वश्यतेन्द्रियाणाम् ।
(૫૫) પ્રત્યાહારથી ઈન્દ્રિયો પર સંપૂર્ણ કાબૂ થઈ જાય છે. ઈન્દ્રિયોની ગુલામી મટી જાય છે. ઈન્દ્રિયોના કાબૂ માટે કોઈ બીજા સાધનની પછી જરૂર નથી રહેતી.

## ॥ સાધનપાદ સમાપ્ત ॥

☼ ☼ ☼ ☼ ☼

# ॥ વિભૂતિપાદ ॥

१. देशबन्धश्चित्तस्य धारणा ।

(૧) ચિત્તની વૃત્તિને બહારના અથવા તો શરીરની અંદરના કોઈપણ દેશ અથવા પદાર્થમાં જોડી દેવાની ક્રિયાને ધારણા કહે છે.

ભ્રમરમધ્ય, કોઈપણ ચક્રનું સ્થાન, હૃદયકમલ ને એવા બીજા પ્રદેશ શરીરની અંદરના દેશ કહેવાય છે. તેવી રીતે કોઈ છબી, મૂર્તિ, સૂર્ય, ચંદ્ર કે એવા બીજા બહારના પદાર્થ બહારના દેશ કહેવાય છે. તેમાંથી કોઈપણ એક દેશમાં ચિત્તની વૃત્તિને લગાવી શકાય છે.

२. तत्र प्रत्ययैकतानता ध्यानम् ।

(૨) જે વસ્તુમાં ચિત્તને લગાડવામાં આવે તેમાં તે એકતાન બનીને વહેવા માંડે, તેના વિના ચિત્તની વૃત્તિ બીજે ક્યાંય જાય નહિ, તેને ધ્યાન કહે છે.

એ જ વાતને બીજા શબ્દોમાં કહેવી હોય તો કહી શકાય કે ધ્યાન એટલે ચિત્તવૃત્તિનો ધ્યેય પદાર્થની અંદર વહેનારો એકાગ્ર ને સતત પ્રવાહ.

३. तद् एवार्थमात्रनिर्भासं स्वरूपशून्यम् इव समाधिः ।

(૩) ધ્યાન કરતાં કરતાં ચિત્ત જ્યારે ધ્યેય પદાર્થમાં ડૂબી જાય છે, પોતાના સ્વરૂપને તદ્દન ભૂલી જાય છે, ને કેવલ ધ્યેયની જ સત્તા શેષ રહે છે અથવા તો ધ્યાતા, ધ્યાન ને ધ્યેયની ત્રિપૂટી જ્યારે એક થઈ જાય છે, ત્યારે સમાધિ થઈ એમ કહેવાય છે.

४. त्रयम् एकत्र संयमः ।

(૪) ત્રણે એકત્ર થાય અથવા કોઈ એક ધ્યેય પદાર્થમાં એ ત્રણેનો પ્રયોગ કરવામાં આવે, ત્યારે તેને સંયમના સંયુક્ત નામે ઓળખવામાં આવે છે.

५. तज्जयात् प्रज्ञाऽऽलोकः ।

(૫) સાધક જ્યારે સંયમ પર વિજય મેળવી લે અથવા તો જે વસ્તુમાં સંયમ કરવા માંગે તેમાં સંયમ કરવાની સહજ શક્તિ મેળવી લે, ત્યારે તેની બુદ્ધિ અલૌકિક પ્રકાશથી પ્રકાશિત બની જાય છે.

६. तस्य भूमिषु विनियोगः ।

(૬) એ સંયમનો વિનિયોગ જુદી જુદી ભૂમિઓમાં ક્રમવાર કરવો જોઈએ.

પહેલાં સ્થૂલ વિષયોમાં સંયમ કરતા શીખવું જોઈએ. પછી સૂક્ષ્મ વિષયોમાં સંયમ કરવો જોઈએ. એ પ્રમાણે સંયમની સાધનામાં ક્રમેક્રમે આગળ વધવું જોઈએ.

७. त्रयम् अन्तरङ्गं पूर्वेभ्यः ।

(૭) પહેલાં કહેવામાં આવેલાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ ને પ્રત્યાહાર એ પાંચ અંગો કરતાં આ છેલ્લાં ત્રણ અંગો (ધારણા, ધ્યાન ને સમાધિ) વધારે મહત્વનાં અને અંતરંગ ગણાય છે. યોગની સિદ્ધિ અથવા કૈવલ્યદશાની સાથે તેને નજીકનો સંબંધ છે.

८. तद् अपि बहिरङ्गं निर्बीजस्य ।

(૮) પરંતુ તે ત્રણ અંગો નિર્બીજ સમાધિનાં તો બહિરંગ સાધનો જ છે. પરવૈરાગ્યની દૃઢતા થતાં સમાધિપ્રજ્ઞાના સંસ્કારોનો પણ નિરોધ થઈ જાય, ત્યારે નિર્બીજ સમાધિની સિદ્ધિ થઈ શકે છે. એટલે સૌથી મહત્વનું કે મૂલ્યવાન અંતરંગ સાધન તો નિર્બીજ સમાધિ જ છે.

९. व्युत्थाननिरोधसंस्कारयोरभिभवप्रादुर्भावौ निरोधक्षणचित्तान्वयो निरोधपरिणामः।

(૯) વ્યુત્થાન દશાના સંસ્કારો દબાઈ જાય ને નિરોધ દશાના સંસ્કારો પ્રકટ થઈ જાય, તે નિરોધકાળે સંસ્કારથી ભરેલા ચિત્તનું નિરોધ પરિણામ છે.

નિરોધ દશામાં ચિત્તની સંપૂર્ણ વૃત્તિનો નિરોધ થઈ જાય છે પણ ચિત્તના સંસ્કારોનો નાશ થતો નથી. એ વખતે કેવલ સંસ્કારો કાયમ રહે છે. તેથી નિરોધ દશામાં ચિત્તમાં વ્યુત્થાન ને નિરોધ બંને પ્રકારના સંસ્કારો આવેલા હોય છે. તે નિરોધ દશામાં વ્યુત્થાનના સંસ્કારો દબાઈ જાય છે, ને નિરોધ સંસ્કારો પ્રકટ થાય છે, તેને સંસ્કારમય ચિત્તનું વ્યુત્થાન ધર્મમાંથી નિરોધ ધર્મમાં પરિણત થનારું નિરોધ પરિણામ કહેવાય છે.

१०. तस्य प्रशान्तवाहिता संस्कारात् ।

(૧૦) સંસ્કાર બલથી જ્યારે વ્યુત્થાન દશાના સંસ્કાર બિલકુલ દબાઈ જાય છે, ને નિરોધના સંસ્કાર જામી જાય છે, ત્યારે ચિત્તમાં કેવળ નિરોધ સંસ્કારોનો પ્રવાહ ચાલ્યા કરે છે. તે નિરુદ્ધ ચિત્તનું અવસ્થા-પરિણામ છે.

११. सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधिपरिणामः ।

(૧૧) સર્વે પ્રકારના વિષયોનું ચિંતન કરનારી વૃત્તિનો ક્ષય થઈ જાય, ને કોઈ એક જ ધ્યેય પદાર્થનું ચિંતન કરનારી એકાગ્રતાનો ઉદય થઈ જાય, તે ચિત્તનું વિક્ષિપ્ત દશામાંથી એકાગ્ર દશામાં પરિણત થવારૂપ સમાધિ-પરિણામ છે.

१२. ततः पुनः शान्तोदितौ तुल्यप्रत्ययौ चित्तस्यैकाग्रतापरिणामः ।

(૧૨) તે પછી ફરી જ્યારે શાંત થનારી ને ઉદય પામનારી બંને વૃત્તિઓ એક થઈ જાય, ને બંને વચ્ચેનો ભેદ મટી જાય, ત્યારે તે ચિત્તનું એકાગ્રતા પરિણામ છે.

સમાધિની દશા પરિપક્વ થતાં જ્યારે પૂર્ણ એકાગ્રતા સધાય છે, ત્યારે શાંત થનારી ને ઉદય પામનારી વૃત્તિ શમી જાય છે.

१३. एतेन भूतेन्द्रियेषु धर्मलक्षणावस्थापरिणामा व्याख्याताः ।

(૧૩) પહેલાંના નવમા ને દસમા સૂત્રમાં નિરોધ સમાધિ વખતે થનારા ચિત્તના ધર્મ પરિણામ, લક્ષ પરિણામ ને અવસ્થા પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે, તથા અગિયારમા ને બારમા બે સૂત્રોમાં સંપ્રજ્ઞાત સમાધિ વખતે થનારા ચિત્તના ધર્મ પરિણામ, લક્ષણ પરિણામ ને અવસ્થા પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે એ બધાથી પંચમહાભૂત ને બધી ઈન્દ્રિયોમાં થનારાં ધર્મ પરિણામ, લક્ષણ પરિણામ ને અવસ્થા પરિણામની વ્યાખ્યા થઈ ગઈ.

૧. ધર્મ પરિણામ - કોઈ ધર્મીમાં એક ધર્મનો લય થઈને જ્યારે બીજા ધર્મનો ઉદય થાય, ત્યારે તેને ધર્મ પરિણામ કહેવામાં આવે છે. નવમા સૂત્રમાં ચિત્તરૂપી ધર્મીના વ્યુત્થાન સંસ્કારરૂપી ધર્મનું દબાઈ જવું ને નિરોધ સંસ્કારરૂપી ધર્મનું પ્રકટ થવું કહીને આ

જ પરિણામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અગિયારમા સૂત્રના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. તેમાં સર્વાર્થતારૂપી ધર્મનો ક્ષય ને એકાગ્રતારૂપી ધર્મનો ઉદય બતાવવામાં આવ્યો છે. તે પ્રમાણે સંસારના બધા જ પદાર્થોનું સમજી લેવાનું છે. માટીમાં પિંડરૂપ ધર્મનો ક્ષય અને ઘડારૂપ ધર્મનો ઉદય થાય છે, પછી ઘડારૂપી ધર્મનો ક્ષય ને ઠીકરીરૂપી ધર્મનો ઉદય થાય છે. તેવી રીતે બીજી વસ્તુનું સમજી લેવાય.

૨. લક્ષણ પરિણામ - લક્ષણ પરિણામ પણ ધર્મ પરિણામની સાથે થઈ જાય છે. વર્તમાન ધર્મનો નાશ થાય તે તેનું અતીત લક્ષણ પરિણામ છે. અનાગત ધર્મનું પ્રકટ થવું તે તેનું વર્તમાન લક્ષણ પરિણામ છે, ને પ્રકટ થતાં પહેલાં તે અનાગત લક્ષણથી યુક્ત હોય છે. તે ત્રણે ધર્મનાં લક્ષણ પરિણામ છે.

અગિયારમા સૂત્રમાં ચિત્તના સર્વાર્થતા ધર્મના ક્ષયની વાત કહી છે, તે તેનું અતીત લક્ષણ પરિણામ છે. વળી એકાગ્રતારૂપ ધર્મના ઉદયની વાત પણ તે સૂત્રમાં કહેવામાં આવી છે. તે તેનું વર્તમાન લક્ષણ પરિણામ છે. ઉદય થયા પહેલા તે અનાગત લક્ષણ પરિણામમાં હતો. બીજી વસ્તુ વિશે પણ એમ જ સમજી લેવાનું છે.

૩. અવસ્થા પરિણામ - વર્તમાન લક્ષણયુક્ત ધર્મમાં નવીનતાને બદલે પ્રાચીનતા આવતી જાય છે. તેમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે, ને છેવટે તે વર્તમાન લક્ષણને છોડીને અતીત લક્ષણમાં પ્રવેશ કરે છે. તે લક્ષણનું અવસ્થા પરિણામ છે. અગિયારમા સૂત્ર પ્રમાણે, ચિત્તરૂપી ધર્મીનો વર્તમાન લક્ષણવાળો સર્વાર્થતારૂપી ધર્મ દબાઈ જઈને અતીત લક્ષણને પ્રાપ્ત થાય છે. તે વખતે વર્તમાનકાળમાં તેનો દબાઈ જવાનો જે ક્રમ છે, તે તેનું અવસ્થા પરિણામ છે. તે ઉપરાંત, એકાગ્રતારૂપી ધર્મ અનાગત લક્ષણથી વર્તમાન લક્ષણમાં આવે છે. તે વખતે તેનો ઉદય થવાનો ક્રમ પણ અવસ્થા પરિણામ કહેવાય છે. એ રીતે એ એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં થતું પરિવર્તન જ અવસ્થા પરિણામ કહેવાય છે. આ અવસ્થા પરિણામ કાયમ થયા જ કરે છે. પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી કોઈયે વસ્તુ એક અવસ્થામાં રહેતી નથી. બાલ્યાવસ્થાથી યુવાવસ્થા ને છેવટે વૃદ્ધાવસ્થારૂપી અવસ્થા પરિણામ એકસામટું નથી થતું. પ્રતિક્ષણે તેમાં પ્રગતિ થયા જ કરે છે. પણ તેનું ભાન છેવટે થાય છે.

ધર્મપરિણામમાં ધર્મીના ધર્મનું પરિવર્તન થાય છે. લક્ષણ પરિણામમાં પહેલાંનો ધર્મ અદૃશ્ય થઈ જાય છે, ને નવો ધર્મ પ્રકટે છે. એ રીતે ધર્મનું લક્ષણ બદલાય છે ને અવસ્થા પરિણામમાં ધર્મની અવસ્થા બદલાય છે. ત્રણે પરિણામ ઉત્તરોત્તર એકમેકથી સૂક્ષ્મ છે.

૧૪. शान्तोदिताव्यपदेश्यधर्मानुपाती धर्मी ।

(૧૪) ભૂત, વર્તમાન ને ભવિષ્યમાં થનારા ધર્મોમાં જે આધારરૂપે અસ્તિત્વ ધરાવે છે તે ધર્મી છે.

પદાર્થમાં રહેનારી શક્તિઓ ધર્મ કહેવાય છે, ને જેના આધારે તે રહે છે તે પદાર્થનું નામ ધર્મી છે. મતલબ કે કોઈ પદાર્થમાંથી જે કાંઈ બની ગયું હોય, જે બની રહ્યું હોય, ને બનવાને સંભવ હોય, તે તે પદાર્થનો ધર્મ કહેવાય છે. એક પદાર્થમાં તેવા ધર્મ અનેક રહે છે, ને જુદાજુદા કારણથી ઉત્પન્ન તેમજ શાંત થયા કરે છે. તેના ત્રણ ભેદ આ સૂત્રમાં કહેલા છે.

૧. જે ધર્મ પોતાનું કામ પૂરું કરીને પોતાના ધર્મીમાં મળી જાય છે તે શાંત, ભૂત કે અતીત કહેવાય છે. જેમ કે બરફનું ઓગળીને પાણીમાં એકરસ થઈ જવું, અથવા તો માટીના વાસણનું માટીમય થઈ જવું.

૨. ધર્મ ધર્મીની અંદર મૂળરૂપે રહેલા જ હોય છે. તે પ્રકટ થાય છે ને કામ કરે છે, ત્યારે વર્તમાન કે ઉદિત કહેવાય છે. બરફ પોતાના વર્તમાન સ્વરૂપમાં પ્રકટ થતાં પહેલાં પાણીમાં શક્તિરૂપે હાજર હોય છે જ.

૩. જે ધર્મ હજી પ્રકટ નથી થયા, પરંતુ ધર્મીની અંદર શક્તિરૂપે રહેલા છે તે અવ્યપદેશ્ય અથવા ભવિષ્યમાં પ્રકટ થનારા કહેવાય છે. પાણીની અંદર બરફ રહેલો છે તે પરથી આ વાત સમજી શકાય છે.

૧૫. क्रमान्यत्वं परिणामान्यत्वे हेतुः ।

(૧૫) એક પદાર્થનું પરિણામ એક ક્રમથી જે આવે છે, તેનાં કરતાં બીજા ક્રમથી જુદું જ આવે છે. ત્રીજા ક્રમથી વળી તેથી પણ જુદું પરિણામ આવે છે. પરિણામની ભિન્નતાનો આધાર એ પ્રમાણે ક્રમની ભિન્નતા પર રહે છે.

રૂમાંથી વસ્ત્ર બનાવવાની વાતનો વિચાર કરો. તે માટે જુદા જ ક્રમમાંથી પસાર થવું પડે છે. પરંતુ રૂમાંથી જો દિવેટ ને દોરી બનાવવી હોય તો તેનો કાર્યક્રમ જુદો જ હોય છે. એ પ્રમાણે ક્રમમાં ફેરફાર કરવાથી એક જ ધર્મી વિવિધ નામરૂપથી સંપન્ન બની જાય છે. ક્રમની ભિન્નતાથી પરિણામ ભિન્ન થાય છે તે વાત એક બીજા કારણથી પણ સમજી શકાય છે - ઠંડીને લીધે પાણીમાં બરફરૂપી ધર્મ ઉત્પન્ન થાય છે, પણ ગરમીના સંબંધથી તેમાં વરાળ ઉત્પન્ન થવાની શરૂઆત થાય છે.

१६. परिणामत्रयसंयमाद् अतीतानागतज्ञानम् ।

(૧૬) તે ત્રણે પરિણામોમાં સંયમ કરવાથી ભૂત તથા ભવિષ્યનું જ્ઞાન થઈ જાય છે.

ત્રણે પરિણામોમાં ધારણા, ધ્યાન ને સમાધિ કરવી તેને સંયમ કહે છે. ત્રણે પરિણામોમાં સંયમ કરવાથી યોગી કોઈપણ વસ્તુનું મૂળ કારણ જાણી શકે છે, વર્તમાન દશાના તેના રહસ્યને પણ સમજી શકે છે ને ભવિષ્યમાં વિવિધ પ્રકારનાં પરિવર્તનોમાંથી પસાર થઈને તેના નક્કી થનારા સ્વરૂપનું જ્ઞાન પણ મેળવી શકે છે.

१७. शब्दार्थप्रत्ययानाम् इतरेतराध्यासात् संकरः
तत्प्रविभागसंयमात् सर्वभूतरुतज्ञानम् ।

(૧૭) શબ્દ, અર્થ ને જ્ઞાન એ ત્રણેનું એકમાં બીજાનો અધ્યાસ થવાને લીધે મિશ્રણ થઈ ગયું છે. તે ત્રણેના વિભાગમાં સંયમ કરવાથી સઘળાં પ્રાણીની વાણીનું જ્ઞાન થઈ જાય છે. વિભૂતિની પ્રાપ્તિનું રહસ્ય જે અનુભવી યોગી હોય તે જ સમજી શકે છે. વિભૂતિની આખીયે વાત અનુભવગમ્ય છે. બુદ્ધિ કે તર્ક દ્વારા તેનો સાચો ઉકેલ કદી પણ પ્રાપ્ત ના થઈ શકે.

१८. संस्कारसाक्षत्करणात् पूर्वजातिज्ञानम् ।

(૧૮) તન, મન ને ઈન્દ્રિયોથી જે કાંઈ કર્મ કરવામાં આવે કે અનુભવવામાં આવે, તેના સંસ્કાર અંતઃકરણમાં એકઠા થાય છે. તે સંસ્કાર બે જાતના હોય છે. એક તો વાસનારૂપ ને બીજા ધર્માધર્મરૂપ. એક સ્મૃતિના ને બીજા આયુ તથા ભોગના કારણરૂપ હોય છે. જન્મજન્માંતરથી એ સંસ્કાર એકઠા થયા કરે છે. તેમાં સંયમ કરવાથી યોગીને પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે. તે રીતે યોગી બીજાનો પૂર્વજન્મ પણ જાણી શકે છે.

१९. प्रत्ययस्य परचित्तज्ञानम् ।

(૧૯) ચિત્ત પર સંયમ કરી લેવાથી બીજાના ચિત્તનું જ્ઞાન થઈ શકે છે.

२०. न च तत् सालम्बनं, तस्याविषयीभूतत्वात् ।

(૨૦) ચિત્ત પર સંયમ કરવાથી યોગીને બીજાના ચિત્તનું જ્ઞાન થાય છે. પરંતુ તે જ્ઞાન આલંબન સહિત ચિત્તનું નથી હોતું. એટલે કે બીજાનું ચિત્ત જે વિષયનું ચિંતન કરે છે, તેનું જ્ઞાન નથી થતું. કેમ કે યોગીના ચિત્તનો વિષય બીજાનું ચિત્ત છે, તેનું આલંબન નથી. તેનો અર્થ એમ નથી કે બીજાનું ચિત્ત જે વિષયનું ચિંતન કરે છે, તે વિષયનું જ્ઞાન યોગીને નથી થતું. તેનો સંકલ્પ કરી, તેના પર સંયમ કરવાથી તેને તેનું જ્ઞાન પણ થઈ શકે છે.

२१. कायरूपसंयमात् तद्ग्राह्यशक्तिस्तम्भे चक्षुःप्रकाशासंप्रयोगेऽन्तर्धानम् ।

(૨૧) પોતાના શરીરના રૂપમાં સંયમ કરી લેવાથી યોગી બીજાની નજરે પડનારા શરીરના બાહ્યરૂપનો અવરોધ કરી શકે છે. ત્યારે બીજાની આંખના પ્રકાશ સાથે તેના શરીરનો સંબંધ નથી થતો. એટલે યોગી અંતર્ધાન થઈ શકે છે.

२२. एतेन शब्दाद्यन्तर्धानमुक्तम् सोपक्रमं निरुपक्रमं च कर्म ।
तत्संयमाद् अपरान्तज्ञानम्, अरिष्टेभ्यो वा ।

(૨૨) માણસનું આયુષ્ય બે પ્રકારનાં કર્મો પર આધાર રાખે છે. એક તો સોપક્રમ ને બીજાં નિરૂપક્રમ કર્મ. જેમનું ફલ આપવાનું કામ શરૂ થઈ ગયું છે તે સોપક્રમ કર્મ કહેવાય છે, ને જે કર્મોએ ફલ આપવાની શરૂઆત નથી કરી તે નિરૂપક્રમ કર્મો કહેવાય છે. તે બંને

પ્રકારનાં કર્મો પર સંયમ કરવાથી યોગીને મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે. તે ઉપરાંત, અરિષ્ટો અથવા ખરાબ ચિહ્નોથી પણ મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે.

૨૩. मैत्र्यादिषु बलानि ।

(૨૩) મૈત્રી જેવી ભાવનાઓમાં સંયમ કરવાથી તે તે ભાવનાઓને અનુરૂપ શક્તિ મળે છે.

મૈત્રી, કરુણા ને મુદિતા - ત્રણ ભાવનાઓનો ઉલ્લેખ આગળ પર આવી ગયો છે. તે પ્રમાણે સુખી મનુષ્યોમાં મિત્રતાની ભાવના કરવાની છે. તેવી ભાવનાના સંયમથી યોગી સૌનો મિત્ર બની સૌને સુખ પહોંચાડવાની શક્તિમાં પ્રવીણતા મેળવે છે. દુઃખી મનુષ્યોમાં કરુણાની ભાવના કરવાથી ને તેનો સંયમ સાધવાથી યોગીનો સ્વભાવ ખૂબ જ દયાળુ ને કોમળ થઈ જાય છે, ને તેનામાં બીજા જીવોનાં દુઃખ દૂર કરવાની શક્તિ આવે છે. પુણ્યશાળી પુરુષોમાં મુદિતાની ભાવના કરવાથી ને તેનો સંયમ સાધવાથી યોગી રાગદ્વેષથી પર થઈને સદાને માટે પ્રસન્ન બની જાય છે. કોઈયે સંજોગોમાં તેને ભય કે શોક થતો નથી. બીજાને પણ તે પ્રસન્ન કરી શકે છે.

૨૪. बलेषु हस्तिबलादीनि ।

(૨૪) જુદાંજુદાં બલોમાં સંયમ કરવાથી હાથીના બલ જેવા બીજાં બલ પ્રાપ્ત થાય છે. હાથીના બલમાં સંયમ કરવાથી હાથી જેવું ને તે પ્રમાણે જેના જેના બલમાં સંયમ કરવામાં આવે તેના જેવું બલ યોગીને પ્રાપ્ત થઈ શકે છે.

૨૫. प्रवृत्त्यालोकन्यासात् सूक्ष्मव्यवहितविप्रकृष्टज्ञानम् ।

(૨૫) કેટલાક પદાર્થોનું જ્ઞાન સાધારણ માણસને થઈ શકતું નથી. જે પદાર્થ અત્યંત સૂક્ષ્મ હોય તેનું દર્શન તેને માટે મુશ્કેલ થઈ પડે છે. એવા પદાર્થોમાં જીવાત્મા, ચક્રો, કુંડલિની, પરમાણુ વગેરેનો સમાવેશ થાય છે. બીજા પ્રકારના પદાર્થ વ્યવહિત એટલે કે છુપાયેલા અથવા ગુહ્ય પદાર્થ કહેવાય છે. ભૂગર્ભમાં ધન, સમુદ્રમાં મોતી વગેરે તેવા પદાર્થો છે. તેમનું દર્શન પણ સાધારણ માણસને માટે શક્ય નથી. ત્રીજી જાતના પદાર્થો વિપ્રકૃષ્ટ અથવા તો દૂર પડેલા કહેવાય છે. માણસ ભારતના એક વિભાગમાં હોય ને પદાર્થ કોઈ

બીજા જ પ્રદેશમાં હોય અથવા માણસ ભારતમાં ને પદાર્થ ભારતની બહાર હોય તેવા પદાર્થનું દર્શન તે નથી કરી શકતો. પરંતુ યોગીને તેવા પદાર્થનું જ્ઞાન થઈ શકે છે.

જ્યોતિષ્મતી પ્રવૃત્તિના અલૌકિક પ્રકાશ દ્વારા યોગી તેવા પદાર્થોને ધારે ત્યારે જોઈ શકે છે.

२६. भुवनज्ञानं सूर्ये संयमात् ।

(૨૬) પુરાણોમાં ચૌદ પ્રકારના લોકનું વર્ણન કરેલું છે. તેમાંથી એક પૃથ્વી કે ભૂલોક કહેવાય છે. એ બધા જ લોકલોકાંતરનું જ્ઞાન સૂર્યની અંદર સંયમ કરવાથી થઈ શકે છે.

२७. चन्द्रे ताराव्यूहज्ञानम् ।

(૨૭) ચંદ્રમાની અંદર સંયમ કરવાથી તારાના વ્યૂહનું અથવા તારામંડળના સ્થાનનું પરિપૂર્ણ જ્ઞાન થઈ જાય છે.

२८. ध्रुवे तद्गतिज्ञानम् ।

(૨૮) ધ્રુવ તારો અચલ ગણાય છે. બીજા બધા જ તારાની ગતિનો તેની સાથે ગાઢ સંબંધ છે. તેથી ધ્રુવતારામાં સંયમ કરવાથી બધા જ તારાની ગતિનું જ્ઞાન થઈ શકે છે. કયો તારો કયા નક્ષત્ર કે કઈ રાશિ પર કયે વખતે આવશે તેની માહિતી મળી રહે છે.

२९. नाभिचक्रे कायव्यूहज्ञानम् ।

(૨૯) નાભિચક્રમાં શરીરની સઘળીયે નાડી એકત્ર થઈને રહેલી છે. તે ચક્રમાં સંયમ કરવાથી શરીરના વ્યૂહનું જ્ઞાન થઈ જાય છે. શરીરની અંદરની વ્યવસ્થાનું યોગીને ભાન થાય છે.

३०. कण्ठकूपे क्षुत्पिपासानिवृत्तिः ।

(30) કંઠકૂપમાં સંયમ કરવાથી ભૂખ ને તરસની નિવૃત્તિ થઈ જાય છે.

જીભની નીચે એક તંતુ છે. તેને જીહ્વામૂળ કહે છે. તેની નીચે કંઠ ને નીચે ખાડા જેવું છે. તે કંઠકૂપની સાથે પ્રાણવાયુ અથડાયા કરે છે. તેથી ભૂખ તરસ લાગે છે. તેમાં સંયમ કરવાથી ભૂખ તરસ મટી જાય છે.

૩૧. कूर्मनाड्यां स्थैर्यम् ।

(૩૧) ઉપરના સૂત્રમાં કહેલા કૂપની એક કાચબાના આકારની નાડી છે. તેમાં સંયમ કરવાથી સ્થિરતાની પ્રાપ્તિ થાય છે.

૩૨. मूर्धज्योतिषि सिद्धदर्शनम् ।

(૩૨) મસ્તકમાં જે જ્યોતિ છે તેમાં સંયમ કરવાથી સંસારમાં વસનારા ને વિચરનારા પ્રકટ ને અપ્રકટ સિદ્ધ પુરુષોનાં દર્શન થઈ શકે છે.

૩૩. प्रातिभाद् वा सर्वम् ।

(૩૩) પ્રાતિભ જ્ઞાન વિવેકજનિત જ્ઞાનનું પૂર્વરૂપ છે. તેની પ્રાપ્તિથી કોઈ ખાસ પ્રકારના સંયમ વિના જ, યોગી બધી વાતોને જાણી લે છે.

૩૪. हृदये चित्तसंवित् ।

(૩૪) હૃદયકમળમાં ચિત્તનું સ્થાન છે. તેમાં સંયમ કરવાથી વૃત્તિઓ સાથે ચિત્તનું જ્ઞાન થઈ જાય છે. અથવા તો ચિત્તના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે.

૩૫. सत्त्वपुरुषयोरत्यन्तासंकीर्णयोः प्रत्ययाविशेषो भोगः
परार्थत्वात् स्वार्थसंयमात् पुरुषज्ञानम् ।

(૩૫) સત્વ એટલે બુદ્ધિ તેમ જ પુરુષ બંને તદ્દન જુદાં જુદાં છે કેમ કે બુદ્ધિ જડ, પરિણામશીલ, ભોગ્ય ને ચંચલ છે; ને પુરુષ ચેતન, અપરિણામી, ભોક્તા ને અસંગ છે. છતાં અજ્ઞાનને લીધે તે બંનેની એકતા લાગે છે. તેથી બંનેનું અલગ અલગ જ્ઞાન નથી થતું. તે દશામાં ચિત્તના સુખ-દુઃખ, રાગ-દ્વેષ ને મોહ જેવા ધર્મોનું આરોપણ અજ્ઞાની માણસ ચિત્તમાં પ્રતિબિંબિત ચૈતન્ય પુરુષમાં કરે છે. એ અભેદની પ્રતીતિને ભોગ કહેવામાં

આવે છે. એ અભેદવૃત્તિ જોકે ચિત્તનો ધર્મ છે, પરંતુ સાચા અર્થમાં પુરુષને માટે જ છે. માટે પરાર્થ કહેવાય છે. આ ભોગમય વૃત્તિથી જુદી એવી પુરુષની જે સ્વરૂપવિષયક વૃત્તિ પ્રકટે છે તે સ્વાર્થ કહેવાય છે. કેમ કે તે પુરુષને માટે  જ છે. તે સ્વાર્થવૃત્તિમાં સંયમ કરવાથી પુરુષનું જ્ઞાન થઈ શકે છે. બુદ્ધિમાં પ્રતિબિંબિત થનારા પુરુષના ચેતનરૂપને તેવા સંયમથી જાણી શકાય છે.

૩૬. ततः प्रातिभश्रावणवेदनादर्शास्वादवार्ता जायन्ते ।

(૩૬) તે સ્વાર્થસંયમથી છ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે - પ્રાતિભ, શ્રવણ, વેદન, આદર્શ, આસ્વાદ ને વાર્તા.

૧. પ્રાતિભ સિદ્ધિથી ભૂત, ભાવિ ને વર્તમાનનું જ્ઞાન થઈ જાય છે, તથા ગુપ્ત કે દૂર દેશમાં પડેલી વસ્તુ જોઈ શકાય છે.

૨. શ્રવણ સિદ્ધિથી દિવ્ય શબ્દ સાંભળી શકાય છે.

૩. વેદન સિદ્ધિથી દિવ્ય સ્પર્શનો અનુભવ થાય છે.

૪. આદર્શ સિદ્ધિથી દિવ્ય રૂપનું દર્શન થાય છે.

૫. આસ્વાદ સિદ્ધિથી દિવ્ય રસનો અનુભવ થઈ શકે છે.

૬. વાર્તા સિદ્ધિથી દિવ્ય ગંધનો અનુભવ થાય છે.

૩૭. ते समाधाव् उपसर्गा व्युत्थाने सिद्धयः ।

(૩૭) તે સિદ્ધિઓ સમાધિની દશામાં પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વિઘ્નરૂપ કહેવાય છે. વ્યુત્થાન દશામાં તે સિદ્ધિઓ કહેવાય છે.

૩૮. बन्धकारणशैथिल्यात् प्रचारसंवेदनाच् च चित्तस्य परशरीरावेशः ।

(૩૮) કર્મસંસ્કાર ચિત્તના બંધનનું કારણ છે. તેનું ફળ ભોગવવા માટે જ ચિત્તને કોઈ ને કોઈ શરીરની અંદર બંધાવું પડે છે. તે બંધનના કારણરૂપ કર્મસંસ્કારોને યોગાભ્યાસ અથવા સમાધિ દ્વારા શિથિલ કરીને ચિત્તને નિર્મળ કરી શકાય છે. તે ઉપરાંત ચિત્તની ગતિનું જ્ઞાન પણ થઈ શકે છે. તેમ થવાથી યોગીની અંદર એવી શક્તિ આવી જાય છે કે

પોતાના ચિત્તને શરીરની બહાર કાઢીને તે બીજાના મરેલા કે જીવતા શરીરના અંદર પ્રવેશ કરી શકે છે. ચિત્તની સાથે સાથે ઈન્દ્રિયો પણ આપોઆપ ચાલી જાય છે.

૩૯. उदानजयाज्जलपङ्ककण्टकादिष्वसङ्ग उत्क्रान्तिश्च ।

(૩૯) ઉદાનવાયુનો વિજય કરવાથી યોગી જલ, કાદવકીચડ, કંટકાદિથી અસંગ રહી શકે છે. તે વસ્તુઓ પરથી સહેલાઈથી તે પસાર થઈ શકે છે. તેનું શરીર તે વસ્તુઓને અડતું નથી, ને તેની ઉર્ધ્વગતિ પણ થઈ શકે છે. તેનું શરીર રૂ જેવું હલકું થઈ જાય છે. એટલે તે ઉપર પણ ઉઠી શકે છે. જમીનથી ઉપર સ્થિતિ કરી અથવા ચાલી શકે છે.

પ્રાણ જીવનનો આધાર છે. તેનાં પાંચ ભેદ છે - પ્રાણ, અપાન, વ્યાન, સમાન ને ઉદાન.

પ્રાણ - પ્રાણ સૌમાં મુખ્ય છે. મુખ ને નાક દ્વારા તેની ગતિ થાય છે. નાકના અગ્રભાગથી હૃદય સુધી તેનો પ્રદેશ ગણાય છે.

અપાન - અપાન નીચેના ભાગમાં ગમન કરે છે. નાભિપ્રદેશથી માંડી પગનાં તળિયાં સુધી તેનો પ્રદેશ છે. મળ, મૂત્ર તથા ગર્ભ તેના જ વેગથી નીચે ઉતરે છે કે બહાર નીકળે છે.

વ્યાન - વ્યાન આખા શરીરમાં વ્યાપ્ત થઈને ફરે છે.

ઉદાન - ઉદાન ઉપરના ભાગ તરફ ગમન કરે છે. તેનું મુખ્ય મથક કંઠ છે. મસ્તક તરફ તેની ગતિ છે. મૃત્યુ વખતે સૂક્ષ્મ શરીર તેના જ બળથી શરીરની બહાર નીકળી જાય છે.

સમાન - સમાનનો પ્રદેશ હૃદયથી માંડીને નાભિ સુધીનો છે. ખાનપાનના રસને તે શરીરમાં બધે ઠેકાણે પહોંચાડી દે છે. તેની ગતિ સમ છે.

૪૦. समानजयात् प्रज्वलनम् ।

(૪૦) સંયમની સહાયતાથી યોગી સમાન વાયુ પર વિજય મેળવે છે, ત્યારે તેનું શરીર અગ્નિ જેવું તેજસ્વી અથવા તો અત્યંત તેજોમય બની જાય છે.

૪१. श्रोत्राकाशयोः संबन्धसंयमाद् दिव्यं श्रोत्रम् ।

(૪૧) કાન ને આકાશના સંબંધમાં સંયમ કરવાથી યોગીને દૈવી કાનની પ્રાપ્તિ થાય છે. કર્ણેન્દ્રિયની ઉત્પતિ અહંકારમાંથી થયેલી છે. તે આકાશની ઉત્પતિ અહંકારજનિત શબ્દતન્માત્રામાંથી થયેલી છે. એટલા માટે આકાશ, શબ્દ ને કર્ણેન્દ્રિય ત્રણેની એકતા છે. તે કાન ને આકાશના સંબંધમાં સંયમ કરવાથી યોગીની શ્રોત્રેન્દ્રિય અલૌકિક બની જાય છે. પછી તેનામાં દૂરશ્રવણની શક્તિ આવી જાય છે. એટલે કે તે દૂરના શબ્દને સાંભળી શકે છે, તેમજ અત્યંત સૂક્ષ્મ શબ્દો પણ સાંભળી શકે છે.

૪२. कायाकाशयोः संबन्धसंयमाल् लघुतूलसमापत्तेश्चाकाशगमनम् ।

(૪૨) શરીર તેમજ આકાશના સંબંધમાં સંયમ કરવાથી અથવા તો રૂ જેવી હલકી વસ્તુમાં સંયમ કરવાથી યોગીમાં આકાશગમન કરવાની શક્તિ આવી જાય છે. તેનું શરીર છેક હલકું બની જાય છે, ને તે ગમે ત્યાં જઈ શકે છે.

૪३. बहिरकल्पिता वृत्तिर्महाविदेहा . ततः प्रकाशावरणक्षयः ।

(૪૩) મનની શરીરની બહારની સ્થિતિને વિદેહધારણા કહે છે. મન શરીરની અંદર હોય ત્યારે જો તે કેવલ ભાવના પૂરતી થાય તો કલ્પિત કહેવાય છે. પણ શરીરનો સંબંધ છોડી દઈને મન બહાર સ્થિર થાય છે, ત્યારે તે સ્થિતિ અકલ્પિત કહેવાય છે. કલ્પિત ધારણાના અભ્યાસથી અકલ્પિત ધારણાની સિદ્ધિ થાય છે. તેને મહાવિદેહા કહે છે. તેથી જ્ઞાનના આવરણનો નાશ થઈ જાય છે.

૪४. स्थूलस्वरूपसूक्ष्मान्वयार्थवत्त्वसंयमाद्भूतजयः ।

(૪૪) પંચમહાભૂતોની દરેકની પાંચ અવસ્થા છે : સ્થૂલાવસ્થા, સ્વરૂપાવસ્થા, સૂક્ષ્માવસ્થા, અન્વયાવસ્થા અને અર્થતત્વાવસ્થા. તે પાંચે પ્રકારની અવસ્થાઓમાં સંયમ કરવાથી યોગી પંચમહાભૂત પર વિજય મેળવી લે છે.

૧. ઈન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ અનુભવમાં આવનારા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ વિષય પંચમહાભૂત સ્થૂલ અવસ્થા છે.

૨. પંચ-મહાભૂતનાં લક્ષણ તેમની સ્વરૂપાવસ્થા કહેવાય છે. પૃથ્વીમાં સ્થિરતા, જળમાં પ્રવાહી કે ભીનાપણું, અગ્નિમાં ઉષ્ણતા કે પ્રકાશ, વાયુમાં કંપ કે ગતિ ને આકાશમાં અવકાશ તે દરેકની સ્વરૂપાવસ્થા છે.

૩. પંચ-મહાભૂતની કારણ-અવસ્થા તેની સૂક્ષ્મ અવસ્થા કહેવાય છે. તેને તન્માત્રા કે સૂક્ષ્મ મહાભૂત પણ કહે છે. પૃથ્વીની સૂક્ષ્માવસ્થા ગંધતન્માત્રા, જલની રસતન્માત્રા, અગ્નિની રૂપતન્માત્રા, વાયુની સ્પર્શતન્માત્રા ને આકાશની શબ્દતન્માત્રા.

૪. પંચ-મહાભૂતમાં ત્રણ ગુણોનો સ્વભાવ - પ્રકાશ, ક્રિયા ને જડતા કે સ્થિતિરૂપે રહેલો છે તે તેમની અન્વયાવસ્થા છે.

૫. પંચ-મહાભૂત પુરુષના ભોગ ને મોક્ષને માટે છે. તે જ તેનો અર્થ કે તેનું પ્રયોજન છે. માટે તેને અર્થતત્વાવસ્થા કહેવામાં આવે છે.

૪૫. ततोऽणिमादिप्रादुर्भावः कायसंपत् तद्धर्मानभिघातश्च ।

(૪૫) એવી રીતે પંચ મહાભૂત પર વિજય મેળવવાથી અણિમાદિ અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, કાયસંપતની પણ પ્રાપ્તિ થાય છે, ને પંચ મહાભૂતના ધર્મો બાધક થતા નથી. તે ધર્મો પર તેનો વિજય થઈ જાય છે.

અષ્ટ સિદ્ધિના ખ્યાલ માટે આટલી સમજ જરૂરી છેઃ-

૧. અણિમા એટલે અણુ જેવું સૂક્ષ્મ રૂપ ધારણ કરી લેવું. હનુમાનને લંકાપ્રવેશ વખતે ને શંકરાચાર્યે મંડનમિશ્રના ઘરમાં પ્રવેશ કરતી વખતે એવું સ્વરૂપ ધારણ કર્યું હતું.

૨. લઘિમા એટલે શરીરને હલકું કરી દેવું. આ સિદ્ધિને લીધે આકાશગમન કરી શકાય છે, ને પાણી, કાદવ તથા કંટકાદિ પરથી સહેલાઈથી પસાર થઈ શકાય છે.

૩. મહિમા એટલે શરીરને મોટું કરી દેવું અથવા મોટું સ્વરૂપ ધારણ કરવું.

૪. ગરિમા એટલે શરીરને ભારે કરી દેવું.

૫. પ્રાપ્તિ એટલે જેની ઈચ્છા થાય તે પદાર્થ સંકલ્પમાત્રથી પ્રાપ્ત થઈ જાય તેવી શક્તિવાળી સિદ્ધિ.

૬. પ્રાકામ્ય એટલે સાંસારિક પદાર્થોની કામનાની કોઈ યે પ્રકારના અંતરાય વિના પૂર્તિ થઈ જવી.

૭. ઈશિત્વ એટલે પંચ મહાભૂત તેમ જ તેમાંથી ઉત્પન્ન થનારા પદાર્થોને ઉત્પન્ન કરવાની ને તેમના પર સત્તા ચલાવવાની શક્તિ.

૮.વશિત્વ એટલે પંચ મહાભૂત તેમ જ તેમાંથી ઉત્પન્ન થનારા પદાર્થો ને સમસ્ત સંસારનું વશ થઈ જવું.

ભૂતોના ધર્મ યોગીને બાધક થતા નથી. તેનો અર્થ એવો છે કે તેને અગ્નિ બાળી શકતો નથી. પાણી તેને ગાળી કે ડુબાડી શકતું નથી, પૃથ્વીની અંદર પણ તે સહેલાઈથી પ્રવેશ કરી શકે છે. સ્થૂલભાવ પૃથ્વીનો ધર્મ કહેવાય છે. તે ધર્મ તેને કોઈ રીતે અંતરાયરૂપ થતો નથી.

४६. रूपलावण्यबलवज्रसंहननत्वानि कायसंपत् ।

(૪૬) શરીરની શક્તિ કે સંપત્તિ કાયસંપત્ કહેવાય છે. તેમાં રૂપ, લાવણ્ય, બલ તથા વજ્ર જેવા દૃઢ સંગઠનનો સમાવેશ થાય છે. એટલે યોગીની આકૃતિ અત્યંત સુંદર થઈ જાય છે. તે રૂપરૂપના અંબાર જેવો બની જાય છે. તેના શરીરમાં તેજ ને આકર્ષણ આવી જાય છે. તે ખૂબ બલવાન બની જાય છે, ને તેનું શરીર સુડોળ તેમ જ વજ્રના જેવું દૃઢ બની જાય છે.

४७. ग्रहणस्वरूपास्मितान्वयार्थवत्त्वसंयमाद् इन्द्रियजयः ।

(૪૭) મન સાથેની ઈન્દ્રિયોની પાંચ અવસ્થા છે : ગ્રહણ, સ્વરૂપ, અસ્મિતા, અન્વય ને અર્થતત્વ. તે અવસ્થાઓમાં સંયમ કરવાથી યોગીનો ઈન્દ્રિયો પર સંપૂર્ણ અધિકાર થઈ જાય છે.

પાંચ અવસ્થા આ પ્રમાણે :-

૧. ગ્રહણ - વિષયોનો અનુભવ કરતી વખતે મન સાથે ઈન્દ્રિયોની જે વૃત્તિના આકારની અવસ્થા હોય છે, તે તેમની ગ્રહણ-અવસ્થા કહેવાય છે.

૨. સ્વરૂપ - મન ને ઈન્દ્રિયોનું સ્વાભાવિક સ્વરૂપ જે લક્ષણ અથવા સંકેતથી સમજી શકાય છે, તે તેમની લક્ષણ-અવસ્થા કહેવાય છે.

૩. અસ્મિતા - મન સાથેની ઈન્દ્રિયોનું સૂક્ષ્મ રૂપ, જેને તેમની સૂક્ષ્માવસ્થા પણ કહેવામાં આવે છે, તે અસ્મિતાની અવસ્થા કહેવાય છે.

૪. આન્વય - મન તેમજ ઈન્દ્રિયોમાં વ્યાપક થઈને રહેલો ત્રણે ગુણોનો સ્વભાવ (પ્રકાશ, ક્રિયા ને સ્થિતિરૂપે) તે તેમની અન્વય-અવસ્થા કહેવાય છે.

૫. અર્થતત્વ - મન સાથેની સઘળી ઈન્દ્રિયો પુરુષના ભોગ ને મોક્ષને માટે છે તે તેમની અર્થતત્વ-અવસ્થા અથવા સાર્થકતા છે.

ઈન્દ્રિયજયનો અર્થ મન સાથેની સઘળી ઈન્દ્રિયોનો જય સમજી લેવાનો છે.

## ૪૮. ततो मनोजवित्वं विकरणभावः प्रधानजयश्च ।

(૪૮) એવા ઈન્દ્રિયજયના પરિણામરૂપે મનના જેવી ગતિ શક્તિ, શરીર વિના પણ વિષયોનો અનુભવ કરવાની શક્તિ ને પ્રકૃતિ પર અધિકાર એવી ત્રણ જાતની સિદ્ધિ પણ મળી રહે છે. તે સિદ્ધિ આ પ્રમાણે -

૧. મનોજવિત્વ - સ્થૂલ શરીર ને ઈન્દ્રિયો સાથે મનના જેવા વેગથી એક ક્ષણમાં દૂર પહોંચી જવાની શક્તિને મનોજવિત્વ કહે છે. ગ્રહણ-અવસ્થામાં સંયમ કરવાથી તેની પ્રાપ્તિ થાય છે.

૨. વિકરણભાવ - સ્થૂલ શરીરના વિના જ દૂરના પદાર્થોને પ્રત્યક્ષ કરવાની ને પ્રાપ્ત કરવાની શક્તિને વિકરણભાવ કહેવામાં આવે છે. સ્વરૂપ અવસ્થામાં સંયમ કરવાથી તે સાંપડી શકે છે.

૩. પ્રધાનજય - કાર્ય અથવા કારણરૂપે રહેલી પ્રકૃતિ પર સંપૂર્ણ અધિકાર થઈ જાય તેને પ્રધાનજય કહે છે. અસ્મિતા, અન્વય ને અર્થતત્વ અવસ્થામાં સંયમ કરવાથી તેની પ્રાપ્તિ થાય છે.

## ૪૯. सत्त्वपुरुषान्यताख्यातिमात्रस्य सर्वभावाधिष्ठातृत्वं सर्वज्ञातृत्वं च ।

(૪૯) સમાધિના શરૂઆતના અભ્યાસથી બુદ્ધિના રજોગુણ ને તમોગુણ સંબંધી સંસ્કાર ધોવાઈ જઈને કેવલ શુદ્ધ સત્વગુણના સંસ્કાર શેષ રહે છે. તે વખતે બુદ્ધિ ને પુરુષ બંનેની ભિન્નતામાત્રનું જ જ્ઞાન બાકી રહે છે. એવી સબીજ સમાધિ જેને સુલભ થઈ જાય છે, તેવા યોગીને સમસ્ત ગુણભાવો પર સ્વામીભાવની પ્રાપ્તિ થઈ જાય છે, ને તે સર્વજ્ઞ બની જાય છે.

૫૦. तद्वैराग्यादपि दोषबीजक्षये कैवल्यम् ।

(૫૦) યોગીને પ્રાપ્ત થનારી સિદ્ધિઓમાં જો તે ફસાઈ કે અટવાઈ જાય, તો તેનો ઉદ્ધાર થઈ શક્તો નથી. યોગી પુરુષે આત્માને અસંગ, નિર્વિકાર ને મુક્ત સમજીને તથા ત્રિગુણાત્મિકા પ્રકૃતિ તથા તેના કાર્યને પરિવર્તનશીલ ને દુઃખદ માનીને ગુણ તથા તેના કાર્યથી વિરક્ત થઈ જવું જોઈએ. તેમ થવાથી દોષના બીજરૂપ અંતિમ વૃત્તિ તેમ જ વાસનાનો પણ ક્ષય થઈ જાય છે, ને નિર્બીજ સમાધિની પ્રાપ્તિ થાય છે. તે દશામાં ચિત્ત પોતાના કારણમાં વિલીન થઈ જાય છે, ને પુરુષની પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠા થઈ જાય છે. તે જ કૈવલ્ય કહેવાય છે. તેની પ્રાપ્તિ માટે યોગીએ ખૂબ સાવધાન થઈને પુરુષાર્થ કરવાની જરૂર છે.

૫૧. स्थान्युपनिमन्त्रणे सङ्गस्मयाकरणं पुनः अनिष्टप्रसङ्गात् ।

(૫૧) યોગીની સાધનાની દૃઢતા થતાં, તેને મોટામોટા લોકપાલ દેવતા ને સિદ્ધ પુરુષોનાં દર્શન થાય છે. તે વખતે જુદા જુદા લોકોના ભોગોથી તેણે સાવધાન રહેવું જોઈએ. તેમના પ્રલોભનોમાં ના પડવું જોઈએ. સિદ્ધોના દર્શનથી તેણે અહંકાર પણ ના કરવો જોઈએ. વિષયસંગ ને અભિમાનથી જન્મ-મરણના ચક્રમાં પડવાનો ને યંત્રણા ભોગવવાનો માર્ગ ખુલ્લો થાય છે.

૫૨. क्षणतत्क्रमयोः संयमादविवेकजं ज्ञानम् ।

(૫૨) કાળના નાનામાં નાના વિભાગને ક્ષણ કહેવામાં આવે છે. એક ક્ષણ પછી બીજી ક્ષણને પસાર થવાના પ્રવાહને ક્રમ કહેવામાં આવે છે. તે ક્રમને ક્ષણમાં સંયમ કરવાથી વિવેકજ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

૫૩. जातिलक्षणदेशैरन्यताऽनवच्छेदात् तुल्ययोस्ततः प्रतिपत्तिः ।

(૫૩) વસ્તુની જાતિ, વસ્તુનું લક્ષણ ને સ્થાન એ ત્રણેના ભેદથી વસ્તુઓની ભિન્નતા જણાઈ આવે છે. પરંતુ તે ત્રણના ભેદથી પણ જે વસ્તુની ભિન્નતાનું જ્ઞાન ના થઈ શકે, તેનું જ્ઞાન વિવેકજ્ઞાનથી સહેજે થઈ જાય છે.

**૫૪. तारकं सर्वविषयं सर्वथाविषयम् अक्रमं चेति विवेकजं ज्ञानम् ।**

(૫૪) વિવેકજ્ઞાન સંસારમાંથી ઉધ્ધાર કરનારું છે. સઘળા પદાર્થોનું જ્ઞાન કરાવનારું છે. અક્રમ એટલે કે બધી વસ્તુઓને કોઈ પણ પ્રકારના ક્રમ વિના એકસાથે જણાવનારું છે. અથવા તો ઉત્તમમાં ઉત્તમને પરિવર્તનથી પર છે.

**૫૫. सत्त्वपुरुषयोः शुद्धिसाम्ये कैवल्यम् इति ।**

(૫૫) બુદ્ધિ નિર્મળ બનીને પોતાના કારણમાં વિલીન થઈ જાય, ને પુરુષ પણ નિર્મળ બની જાય, એટલે કે બુદ્ધિ સાથેના પુરુષના અજ્ઞાનમય સંબંધનો ને મલ-વિક્ષેપ-આવરણનો અંત આવી જાય, ત્યારે બંનેની શુદ્ધિ થઈ એમ કહેવાય છે. કોઈપણ પ્રકારે, એ પ્રમાણે બંનેની સમાનભાવે શુદ્ધિ થઈ જાય એટલે કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

## ॥ વિભૂતિપાદ સમાપ્ત ॥

☼ ☼ ☼ ☼ ☼

# ॥ કૈવલ્યપાદ ॥

१. जन्मौषधिमन्त्रतपःसमाधिजाः सिद्धयः ।

(૧) જન્મથી, ઔષધિથી, મંત્રથી, તપથી ને સમાધિથી - એમ સિદ્ધિઓ પાંચ પ્રકારે પ્રાપ્ત થનારી હોય છે.

શરીર, મન ને ઈન્દ્રિયોમાં ફેરફાર થવાથી કેટલીક વિશેષ ને અલૌકિક શક્તિઓનો આવિર્ભાવ થાય છે. તે સિદ્ધિ કહેવાય છે.

તે સિદ્ધિ પાંચ પ્રકારે થઈ શકે છે :

૧. જન્મથી મળનારી સિદ્ધિ - જ્યારે જીવાત્મા મૃત્યુ પછી એક યોનિમાંથી બીજી યોનિમાં જાય છે, ત્યારે તેના પ્રારબ્ધ પ્રમાણે, શરીર, મન ને ઈન્દ્રિયો બદલાઈને કેટલીક લોકોત્તર શક્તિની પ્રાપ્તિ કરે છે. મનુષ્યયોનિથી દેવયોનિની પ્રાપ્તિ થવાથી તેવી શક્તિ સહેજે મળી જાય છે. અથવા તો જન્માંતર-કર્મ કે પુરુષાર્થના ફળરૂપે કેટલીક અલૌકિક શક્તિઓ કેટલાક લોકોત્તર પુરુષોમાં જન્મથી જોવા મળે છે. શંકરાચાર્ય, વ્યાસ, કપિલ તથા જ્ઞાનેશ્વર તેનાં ઉદાહરણ છે. તે જન્મજા એટલે જન્મથી મળનારી સિદ્ધિ કહેવાય છે.

૨. ઔષધિથી મળનારી સિદ્ધિ - ઔષધિના સેવનથી અથવા તો કલ્પ કરવાથી પણ કેટલીક વિશેષ શક્તિની પ્રાપ્તિ થાય છે. અખંડ યૌવનની પ્રાપ્તિ, શીતોષ્ણતાને સહન કરવાની શક્તિ, સમાધિ પ્રવેશ, વ્યાધિરહિતતા તથા ક્ષુધા-તૃષાનો વિજય - એવી એવી સિદ્ધિ કેવલ ઔષધિના સેવનથી મળી શકે છે.

૩. મંત્રથી મળનારી સિદ્ધિ - મંત્રના જપ, પ્રયોગ ને અનુષ્ઠાનથી પણ કેટલીક વિશેષ શક્તિની પ્રાપ્તિ થાય છે.

૪. તપથી મળનારી સિદ્ધિ - તપ અથવા વિધિપૂર્વકની સાધનાથી સાધકનું તન, મન ને અંતર તદ્દન નિર્મળ બની જાય છે, ને અલૌકિક શક્તિની પ્રાપ્તિ થાય છે. તપ દ્વારા સિદ્ધિ મેળવનારા યોગી પુરુષો ભારતવર્ષમાં અનેકની સંખ્યામાં થઈ ગયા છે.

તે સિદ્ધિઓ મળતાં શરીર, મન ને ઈન્દ્રિયો પલટાઈ જાય છે કે અલૌકિક થઈ જાય છે. તેને પરિણામાન્તર અથવા જાતિ-અંતર-પરિણામ કહેવામાં આવે છે.

२. जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात् ।

(૨) પ્રકૃતિનાં આવશ્યક તત્વોને એકઠાં કરવાથી ઉપર કહેલું જાત્યંતર પરિણામ સિદ્ધ થઈ શકે છે.

३. निमित्तम् अप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवत् ।

(૩) જન્મ, ઔષધિ જેવાં નિમિત્ત કારણથી પ્રકૃત્તિની પૂર્ણતા કેવી રીતે થાય છે, તે પ્રકૃતિના પ્રયોજક છે કે કેમ, એવો પ્રશ્ન થવાનો સંભવ છે. તેને તે વિશે કહેવાનું કે જન્મ ને ઔષધિ આદિ તો નિમિત્ત કારણ છે. તે પ્રકૃતિને એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં લઈ જવાની શક્તિ ધરાવતા નથી. તેમનું કામ તો આવરણ કે અંતરાયને દૂર કરી દેવાનું છે. તેમ થતાં પ્રકૃતિનાં તત્વોની પૂર્તિ તો આપોઆપ થઈ જાય છે. આ સંબંધી ખેડૂતનું ઉદાહરણ સમજવા જેવું છે.

ખેડૂત ખેતરમાં પાણી લઈ જાય છે, તેનો અર્થ એમ નથી કે તે પાણી પર સત્તા ચલાવે છે. તે તો પાણીને પસાર થવાના માર્ગને સાફ કરે છે, ને પાણીના માર્ગના અંતરાયોને દૂર કરે છે. તેમ થતાં પાણી પોતાના સ્વભાવ પ્રમાણે આપોઆપ વહેવા માંડે છે. જન્મ જેવાં નિમિત્તોથી પણ જ્યારે પ્રકૃતિના અંતરાય દૂર થઈ જાય છે ત્યારે શરીર, મન ને ઈન્દ્રિયોની અલૌકિકતાને માટે જે જે તત્વોની આવશ્યકતા હોય છે, તેમની પૂર્તિ તરત થઈ જાય છે. કમીને પૂર્ણ કરી દેવાનો પ્રકૃતિનો સ્વભાવ છે.

४. निर्माणचित्तान्यस्मितामात्रात् ।

(૪) ચિત્તનું ઉપાદાન કારણ અસ્મિતા છે. તેથી નિર્માણ કરાયેલાં કે બનાવેલા બધાં ચિત્ત ફક્ત અસ્મિતાથી ઉત્પન્ન થયાં હોય છે. યોગી અસ્મિતાના બલથી ચિત્તનું નિર્માણ કરી શકે છે.

५. प्रवृत्तिभेदे प्रयोजकं चित्तम् एकम् अनेकेषाम् ।

(૫) શરીરની અંદર જુદીજુદી ઈન્દ્રિયોને જુદાજુદા કામમાં લગાડનારું ચિત્ત એક હોય છે. તે પ્રમાણે જુદાંજુદાં નિર્માણ કરાયેલાં ચિત્તને દોરનારું અથવા તો કર્તવ્યમાં પ્રેરનારું યોગીનું મૂળ ચિત્ત તો એક જ હોય છે.

૬. तत्र ध्यानजम् अनाशयम् ।

(૬) જન્મ, મંત્ર, ઔષધિ, તપ ને સમાધિ દ્વારા ચિત્તની ઉન્નતિ થાય છે, અથવા ચિત્ત વિશેષતા ધારણ કરે છે. પરંતુ જન્મ, મંત્ર ને ઔષધિ દ્વારા લોકોત્તર શક્તિથી સંપન્ન થયેલા ચિત્તમાં કર્મોના સંસ્કાર રહી જાય છે. ને ધ્યાનજનિત અથવા સમાધિ દ્વારા શક્તિશાળી બનેલા ચિત્તમાં કર્મોના સંસ્કાર રહેતા નથી. તેવું ચિત્ત ઉત્તમ છે. કેમ કે તે કૈવલ્યનું કારણ થઈ શકે છે.

૭. कर्माशुक्लाकृष्णं योगिनः त्रिविधम् इतरेषाम् ।

(૭) યોગીનાં કર્મો અશુક્લ ને અકૃષ્ણ હોય છે, ને બીજા માણસોનાં ત્રણ પ્રકારનાં હોય છે.

સુખોપભોગનું કારણ થઈ પડનારાં પુણ્યકર્મો શુક્લ કર્મો કહેવાય છે. ને દુઃખનું કારણ કહેવાતાં પાપકર્મો કૃષ્ણકર્મોના નામથી ઓળખાય છે. પૂર્ણતાએ પહોંચેલા યોગીનાં કર્મો બધી જાતના ભોગથી રહિત હોય છે. તે તેને સારા કે નરસા ફળબંધનમાં બાંધતા નથી. એટલા માટે અશુક્લ ને અકૃષ્ણ કહેવાય છે.

બીજા સાધારણ માણસોના કર્મનાં ત્રણ પ્રકાર કહેવામાં આવે છેઃ

૧. શુક્લ અથવા તો પુણ્યકર્મ

૨. કૃષ્ણ અથવા તો પાપકર્મ ને

૩. પાપ ને પુણ્યના મિશ્રણવાળાં શુક્લકૃષ્ણ કર્મો.

૮. ततस्तद्विपाकानुगुणानाम् एवाभिव्यक्तिर्वासनानाम् ।

(૮) તે કર્મો સંસ્કારરૂપે માણસના અંતઃકરણમાં કાયમ રહે છે. તે કર્મોના સમૂહમાંથી જે વખતે જે કર્મનું ફળ આપવાનું કામ શરૂ થાય છે, તે વખતે તે કર્મના ફળને બંધબેસતી વાસના પણ પ્રકટ થાય છે. બીજાં કર્મોના ફળભોગની વાસના પ્રકટ થતી નથી.

९. जातिदेशकालव्यवहितानाम् अप्यानन्तर्यं, स्मृतिसंस्कारयोः एकरूपत्वात् ।

(૯) કોઈ કર્મ એક જન્મમાં ને કોઈ બીજું કર્મ બીજા જ જન્મમાં કરવામાં આવ્યું હોય છે. કર્મોમાં જન્મોનું વ્યવધાન તેને કહે છે. તે પ્રમાણે કર્મોમાં દેશ ને કાળનું વ્યવધાન પણ હોય છે. તેવી રીતે કર્મોમાં જન્મ, દેશ ને કાળનું વ્યવધાન હોવાં છતાં પણ, જે વખતે જે કર્મનું ફળ મળવાનું હોય, તે વખતે તેને અનુકૂળ એવી ભોગવાસના પ્રકટ થવામાં કોઈ હરકત નથી આવતી. કેમ કે સ્મૃતિ ને સંસ્કાર બંને એક છે. કોઈને પોતાના પૂર્વજન્મનાં કર્મોના ભોગ માટે ધારો કે પશુયોનિ પ્રાપ્ત થઈ હોય, તો તે યોનિની પ્રાપ્તિ થતાં જ તેની વાસના તેના અંતરમાં પ્રકટ થઈ જશે. સ્મૃતિ ને સંસ્કારોની એકતા હોવાને લીધે જે જાતનું ફળ મળવાનું હોય, તે જાતની ભોગવાસના કે સ્મૃતિ પ્રકટ થાય છે.

१०. तासाम् अनादित्वं चाशिषो नित्यत्वात् ।

(૧૦) તે વાસનાઓ અનાદિ છે. કેમ કે પ્રત્યેક પ્રાણીને જીવનની ઈચ્છા વળગેલી છે. મૃત્યુનો ભય દરેક નાનામોટા જીવમાં દેખાય છે. તેથી જન્મજન્માંતર કે પૂર્વજન્મની સિદ્ધિ થાય છે. એટલે વાસનાઓનું અનાદિપણું પણ આપોઆપ સિદ્ધ થાય છે.

११. हेतुफलाश्रयालम्बनैः संगृहीतत्वाद् एषाम् अभावे तदभावः ।

(૧૧) વાસનાઓનો સંગ્રહ ચાર વાતોથી થઈ શકે છે. હેતુ, ફલ, આશ્રય ને આલંબન. એ ચારેનો અભાવ થઈ જતાં, વાસનાઓનો પણ અભાવ થઈ જાય છે.

૧. હેતુ - વાસનાઓનો હેતુ અવિદ્યાદિ ક્લેશ ને તેની હયાતિમાં થનારાં કર્મો છે.

૨. ફળ - વાસનાઓનું ફળ પુનર્જન્મ, આયુ ને ભોગ છે.

૩. આશ્રય - વાસનાઓનું આશ્રયસ્થાન ચિત્ત છે.

૪. આલંબન - શબ્દાદિ વિષયો વાસનાઓનું આલંબન કહેવાય છે.

યોગસાધનાથી તેનો અભાવ થઈ જાય છે. એટલે વિવેકજ્ઞાનથી અવિદ્યાનો નાશ થઈ જાય છે ત્યારે કર્મોમાં ફળ દેવાની શક્તિ નથી રહેતી, ને ચિત્ત પોતાના મૂળ કારણમાં મળી જાય છે. તે બધા પદાર્થના રહેવાથી પુરુષનો વિષય સાથેનો સંબંધ પણ નથી રહેતો.

એટલે હેતુ, ફળ, આશ્રય ને આલંબન ચારેનો અભાવ થઈ જવાથી વાસનાઓનો અભાવ થઈ જાય છે. યોગીનો પુનર્જન્મ પણ પછી નથી થતો.

१२. अतीतानागतं स्वरूपतोऽस्त्यध्वभेदाद् धर्माणाम् ।

(૧૨) કોઈપણ વસ્તુનો કાયમ માટે અભાવ નથી થતો. વસ્તુના ધર્મ, ચિત્ત ને વાસના વગેરે કેટલેક અંશે અતીતકાળમાં રહે છે, કેટલેક અંશે ભવિષ્યકાળમાં અનાગત થઈને પણ રહે છે. વર્તમાનમાં રહેનારી વસ્તુનું જ અસ્તિત્વ ને બીજાનું નહિ, એમ સમજવાનું નથી. અતીત અથવા અનાગત અવસ્થામાં રહેનારી વસ્તુ પણ અવ્યક્ત રીતે પોતાના કારણમાં તો રહે છે જ. વાસના તથા ચિત્ત વગેરે પોતાના કારણમાં મળી જાય તે જ તેમનો નાશ અથવા અભાવ કહેવાય છે. તેની સાથેનો સંબંધ તૂટી જવાથી યોગીના પુનર્જન્મની શક્યતા ટળી જાય છે.

१३. ते व्यक्तसूक्ष्मा गुणात्मानः ।

(૧૩) તે ધર્મો વર્તમાન સ્થિતિમાં ને અનાગત કે અતીત અથવા સૂક્ષ્મ દશામાં હોય છે, ત્યારે પણ ગુણસ્વરૂપ જ હોય છે. ધર્મરૂપી બધી જ જુદીજુદી વસ્તુઓમાં ગુણ કારણરૂપે સદાય હાજર રહે છે. ગુણસ્વરૂપે તે સદાય વિદ્યમાન રહે છે. પરંતુ તે પરિણામશીલ હોવાથી તેમાં કાયમ માટે પરિવર્તન થયા કરે છે.

१४. परिणामैकत्वाद् वस्तुतत्त्वम् ।

(૧૪) પરસ્પર વિરોધી સ્વભાવવાળા ગુણોનું પરિણામ એક આવે છે, અથવા બધા ગુણોના મિલનમાંથી કોઈ એક વસ્તુ પરિણમે છે, એ વાત ન માનવા જેવી નથી. દાખલા તરીકે, પૃથ્વી ને પાણી મળીને સૂર્ય ને ચંદ્રમાનાં કિરણોના સંબંધથી વૃક્ષના રૂપમાં પરિણમે છે, ને પછી તેમાં નામ, રૂપ ને આકારની દૃષ્ટિએ ભેદ જોવા મળે છે. પરંતુ તે બધી વસ્તુઓ ગુણસ્વરૂપ જ હોય છે. તેનાથી ભિન્ન નથી હોતી.

१५. वस्तुसाम्ये चित्तभेदात् तयोर्विभक्तः पन्थाः ।

(૧૫) જે લોકો એમ કહે છે કે દૃશ્ય કોઈ વસ્તુ જ નથી. વાસનાના પ્રભાવથી ચિત્ત જ દૃશ્યના રૂપમાં પ્રતીત થાય છે, તેમનું કથન બરાબર નથી. કેમ કે, એક વસ્તુ અનેક લોકોના ચિત્તનો વિષય બને છે. જો તે વસ્તુ કોઈ એક જ ચિત્તની કલ્પના છે એમ માનવામાં આવે, તો તે અનેક ચિત્તનો વિષય કેવી રીતે બની શકે ? એક ચિત્તની કલ્પનાનું સ્વરૂપ બધાં ચિત્તને કેવી રીતે દેખાઈ શકે ? પરંતુ વસ્તુ એક ને નહિ, અનેકને દેખાય છે. તે ઉપરાંત, વસ્તુને અનેક ચિત્તની કલ્પના માનવામાં આવે તો તે પણ ઠીક નહિ થાય. કેમ કે જુદે જુદે વખતે તે વસ્તુ અનેક ચિત્તનો વિષય થતી હોય છે. તો પછી તેને ક્યાં ક્યાં અનેક ચિત્તની કલ્પના કહેવી ? તેથી, વસ્તુને એકતા ને તેને અનુભવનારાં ચિત્તોની અનેકતા છે. તે બંને વસ્તુ કે પદાર્થો જુદાજુદા છે. તે માન્યતા જ બરાબર લાગે છે. દૃશ્યના બહારના સ્વરૂપને ઉડાવી દેવાની જરૂર નથી.

૧૬. न चैकचित्ततन्त्रं वस्तु तद् अप्रमाणकं तदा किं स्यात् ।
(૧૬) દૃશ્ય વસ્તુ કોઈ એક ચિત્તને આધીન નથી. કેમ કે જ્યારે તે ચિત્તનો વિષય નહિ રહે તે વખતે તેનું શું થશે ?

દૃશ્ય વસ્તુને કોઈ એક ચિત્તની કલ્પના જ માની લેવામાં આવે, તો તેને જોવાનું જ્યારે ચિત્ત છોડી દે, ત્યારે તેનું અસ્તિત્વ ના રહેવું જોઈએ. પરંતુ વસ્તુ તો એમ ને એમ જ રહે છે. તેથી નક્કી થાય છે કે દૃશ્ય વસ્તુ ચિત્તથી ભિન્ન છે ને સાચી છે.

૧૭. तदुपरागापेक्षत्वात् चित्तस्य वस्तु ज्ञाताज्ञातम् ।
(૧૭) વસ્તુનું દર્શન કે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વસ્તુના પ્રતિબિંબની જરૂરત હોય છે. જે પદાર્થ કે વસ્તુનું પ્રતિબિંબ ચિત્તમાં પડે છે, એટલે કે ઈન્દ્રિયો દ્વારા જે વસ્તુના સંબંધમાં ચિત્ત આવે છે, તે વસ્તુનું જ્ઞાન તેને તે વખતે થઈ જાય છે. ને જે વખતે વસ્તુ ચિત્તની વૃત્તિનો વિષય બનતી નથી, તે વખતે તે અજ્ઞાત દશામાં રહે છે. ચિત્તને તેનું દર્શન કે જ્ઞાન થઈ શક્તું નથી.

૧૮. सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वात् ।

(૧૮) ચિત્ત પરિણામી છે. તેથી બહારની વસ્તુઓને તે હંમેશા જોઈ શકતું નથી. જે વસ્તુનો તેની સાથે સંબંધ થાય છે, તે વસ્તુને તે ત્યારે જોઈ શકે છે. પરંતુ તે ચિત્તનો સ્વામી કે અધિપતિ પુરુષ અપરિણામી છે. તેથી ચિત્તની વૃત્તિઓને તે હંમેશા જોયા કરે છે. જે વખતે જે વૃત્તિ તેની અંદર ઉત્પન્ન થાય છે ને લય પામે છે, તેનું તેને જ્ઞાન રહે છે.

१९. न तत् स्वाभासंदृश्यत्वात् ।

(૧૯) ચિત્ત સ્વપ્રકાશ કે પ્રકાશસ્વરૂપ નથી. તે દૃશ્ય છે તેથી જડ છે. તે પોતાને જાણી શકતું નથી. તેનામાં જે ચેતનત્વનો ભાસ થાય છે તે ચેતનત્વ તો ચેતન પુરુષના પ્રતિબિંબનું પરિણામ છે.

२०. एकसमये चोभयानवधारणम् ।

(૨૦) બહારના પદાર્થનું ચિત્તમાં પ્રતિબિંબ પડે છે, ત્યારે પુરુષ અપરિણામી હોવાથી તેને તે પ્રતિબિંબ સાથેના ચિત્તનું જ્ઞાન થઈ શકે છે તે વાત સમજી શકાય તેવી છે. પરંતુ ચિત્ત પરિણામી છે. એટલે એકી વખતે તેને બે જાતનું જ્ઞાન થઈ શકતું નથી. પોતાના તેમજ દૃશ્ય પદાર્થના સ્વરૂપને તે એકીસાથે જાણી શકતું નથી. બાહ્ય સ્વરૂપને પોતાના સ્વામી દૃષ્ટા પુરુષની પાસે રજૂ કરી દેવું તે જ તેનું કામ છે. તેને જાણવાનું આગળનું કામ પુરુષનું છે.

२१. चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसङ्गः स्मृतिसंकरश्च ।

(૨૧) એક ચિત્તને બીજા ચિત્તનું દૃશ્ય માનવાનું વલણ બરાબર નથી. કેમ કે તેના વલણથી એક ચિત્ત જેમ બીજા ચિત્તનું દૃશ્ય થશે, તેમ બીજું ચિત્ત વળી કોઈ ત્રીજા જ ચિત્તનું દૃશ્ય થશે. તેથી અનવસ્થા દોષ ઉત્પન્ન થવાનો ને સ્મૃતિની સંકરતા થવાનો દોષ ઊભો થશે. એક ચિત્તને કોઈ વિષયનું જ્ઞાન થાય, બીજા ચિત્તને તે વિષય સાથે ચિત્તનું જ્ઞાન થાય, ત્રીજાને વળી તેનું ને ચોથાને ત્રીજાનું જ્ઞાન થાય. એ પ્રમાણે ચાલવાથી એક વસ્તુના જ્ઞાનનો કદી અંત આવે નહિ. તે અનવસ્થા દોષ થાય. તે ઉપરાંત, તે અનેક પ્રકારના જ્ઞાનની સ્મૃતિ એકીસાથે થવાથી સ્મૃતિનું સંમિશ્રણ થઈ જશે. કયા જ્ઞાનનું સ્વરૂપ

કેવું છે તેનો નિર્ણય કરવાનું કામ મુશ્કેલ બનશે. તેથી ચિત્તથી ભિન્ન દૃષ્ટા માનવાનું વલણ બરાબર છે.

૨૨. चितेरप्रतिसंक्रमायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनम् ।

(૨૨) ચેતન પુરુષ નિર્વિકાર, ક્રિયારહિત ને અસંગ છે એ સાચું છે. પરંતુ જુદાજુદા દૃશ્ય પદાર્થોના પ્રતિબિંબથી તદાકાર થઈ ગયેલા ચિત્તના સંબંધથી તે ચિત્તના જેવો આકાર ધારણ કરે છે. તે વખતે તેને વૃત્તિઓ તેમ જ બુદ્ધિનું જ્ઞાન થાય છે. તેથી તેને બુદ્ધિ ને બુદ્ધિની વૃત્તિઓનો જ્ઞાતા ને ભોક્તા કહેવામાં આવે છે. વાસ્તવમાં પુરુષ જ્ઞાતા કે ભોક્તા નથી પણ અસંગ, નિર્વિકાર ને સ્વયંપ્રકાશિત છે.

૨૩. द्रष्टृदृश्योपरक्तं चित्तं सर्वार्थम् ।

(૨૩) ચિત્ત જ્યારે દૃશ્ય પદાર્થથી રંગાઈને પોતાના સ્વરૂપ સાથે દ્રષ્ટાનો વિષય બનીને તેની સાથે સંબંધ સાધે છે, ત્યારે દ્રષ્ટા ને દૃશ્ય બંનેના રંગમાં રંગાઈ જાય છે. તે બંનેનું પ્રતિબિંબ તેમાં પડે છે, એટલે તે બંનેનો આકાર ધારણ કરે છે. તે વખતે તેનું પોતાનું રૂપ પણ કાયમ રહે છે. તેથી તે ચિત્ત સર્વ અર્થવાળું થઈ જાય છે. દૃશ્ય પદાર્થના રૂપવાળું, દ્રષ્ટા પુરુષના રૂપવાળું ને પોતાના રૂપવાળું, એ પ્રમાણે તે સર્વ રૂપવાળું થઈ જાય છે.

વસ્તુતઃ ચિત્ત તેમાં પ્રતિબિંબ થનારા વિષયોથી ને ચેતન પુરુષથી તદ્દન જુદું છે. પરંતુ તે ભ્રાંતિથી તેમના રૂપમાં દેખાય છે. સમાધિની મદદથી પુરુષની પોતાના સ્વરૂપમાં સ્થિતિ થઈ જતાં, તેવી ભ્રાંતિ કાયમ માટે દૂર થાય છે.

૨૪. तदसंख्येयवासनाचित्रम् अपि परार्थं संहत्यकारित्वात् ।

(૨૪) જે વસ્તુ ઘણા પદાર્થો મળવાથી કામ કરી શકે તે સંહત્યકારી કહેવાય છે. દાખલા તરીકે મકાન. તેવી વસ્તુ પોતાને માટે નહિ, પરંતુ બીજાને માટે જ હોય છે. માટે તે પરાર્થ કહેવાય છે. ચિત્ત પણ સત્વ, રજ ને તમ - ત્રણે ગુણોના સંમિશ્રણથી ઉત્પન્ન થયું છે, તથા ઈન્દ્રિયો ને બાહ્ય પદાર્થોના સંયોગથી, તેમની સાથે મળીને કામ કરી શકે છે. તેથી તે પણ પોતાને માટે નહિ, પણ દ્રષ્ટા પુરુષને માટે છે. તેના જ ભોગ ને મોક્ષને માટે તે જુદી જુદી

વાસનાથી ચિત્રિત થયેલું છે. તેની અંદર બધા બાહ્ય પદાર્થોનાં ચિત્રો અંકિત થાય છે, ને તે વિવિધ વાસનાથી ભરેલું છે, છતાં તે સ્વયંપ્રકાશ કે દ્રષ્ટા નથી. તે બીજાને માટે છે.

२५. विशेषदर्शिन आत्मभावभावनाविनिवृत्तिः ।
(૨૫) સાધારણ માણસોમાં ને અસાધારણ કહેવાતા વિદ્વાનોમાં પણ પોતાના સ્વરૂપના જ્ઞાનની ભાવના જોવા મળે છે. પોતાના સ્વરૂપને જાણવા માટેના સંકલ્પ તેમની અંદર ઉત્પન્ન થયા જ કરે છે. પરંતુ જે વિશેષદર્શી છે, એટલે કે જેને પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો છે, તેની આત્મભાવની ભાવના કાયમ માટે મટી જાય છે. તે અહંભાવથી મુક્તિ મેળવે છે.

२६. तदा विवेकनिम्नं कैवल्यप्राग्भारं चित्तम् ।
(૨૬) અજ્ઞાનમાં રમનારા સાધારણ માણસનાં ચિત્ત અવિવેકી ને વિષયપરાયણ હોય છે. પરંતુ વિશેષદર્શી યોગી પુરુષનું ચિત્ત વિવેકજ્ઞાનથી નમ્ર ને સંપન્ન હોય છે. તે સંસારના વિષયોમાં રમતું નથી. વિષયોથી વિરક્ત થઈને તે કૈવલ્યાભિમુખ બની જાય છે. પોતાના કારણમાં વિલીન થવાનું શરૂ કરે છે. ચિત્ત પોતાના કારણમાં વિલીન થઈ જાય ને દ્રષ્ટાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય તેને કૈવલ્ય કહે છે.

२७. तच्छिद्रेषु प्रत्ययान्तराणि संस्कारेभ्यः ।
(૨૭) વિવેકજ્ઞાનમાં ડૂબેલા ને પોતાના કારણમાં વિલીન થવાનો પ્રયાસ કરનારા ચિત્તમાં વ્યુત્થાન દશામાં બીજી વસ્તુ ને વૃત્તિની પ્રતીતિનો વ્યવહાર ચાલે છે, તેનું કારણ પૂર્વસંસ્કારોની પ્રબળતા છે. બળી ગયેલા બીજ જેવા તે સંસ્કારોને લીધે યોગીને વ્યુત્થાન દશામાં બાહ્ય પદાર્થોની પ્રતીતિ થાય છે, ને તેના ચિત્તમાં પણ કેટલાક પૂર્વસંસ્કારોની અસર કાયમ રહે છે.

२८. हानम् एषां क्लेशवदुक्तम् ।
(૨૮) તે સંસ્કારોનો વિનાશ ક્લેશોના નાશની પેઠે કરવો એમ કહેવામાં આવ્યું છે.

બળી ગયેલા બીજના જેવા સૂક્ષ્મ ક્લેશનો નાશ કાર્યનો કારણમાં લય કરીને કરવાનું કહ્યું છે. તે પ્રમાણે આ સંસ્કારોનું પણ સમજી લેવાનું છે. ચિત્ત જ્યાં સુધી હયાત હોય છે ત્યાં સુધી સંસ્કારોનો સંપૂર્ણ નાશ નથી થતો. ચિત્ત પોતાના કારણ ગુણોમાં લીન થઈ જાય, ત્યારે જ તેની સાથે તેમનો નાશ થઈ શકે છે. પરંતુ બળી ગયેલાં બીજ જેમ ફરી ઉગતાં નથી, તેમ જે સંસ્કાર જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગયા હોય, તે પુનર્જન્મ કરાવી શકતા નથી.

૨૯. प्रसंख्यानेऽप्यकुसीदस्य सर्वथाविवेकख्यातेर्धर्ममेघः समाधिः ।
(૨૯) વિવેકજ્ઞાનનો ઉદય થતાં યોગીનું ચિત્ત તદ્દન નિર્મળ બની જાય છે. તેમાં અલૌકિક શક્તિ પ્રકટે છે, ને યોગી સર્વજ્ઞ બની જાય છે. એવી અલૌકિક શક્તિ ને સર્વજ્ઞતામાં પણ જેને આસક્તિ થતી નથી, તે યોગીનું વિવેકજ્ઞાન નિર્વિઘ્ને પ્રકાશ્યા કરે છે કે કાયમ રહે છે. ને તેવા યોગીને ધર્મમેઘ સમાધિની પ્રાપ્તિ થાય છે.

૩૦. ततः क्लेशकर्मनिवृत्तिः ।
(30) તેવી ધર્મમેઘ સમાધિની મદદથી યોગીના અવિદ્યાદિ પાંચે ક્લેશ તથા શુક્લ, કૃષ્ણ ને મિશ્રિત એવા ત્રણે પ્રકારના કર્મસંસ્કારોનો તદ્દન નાશ થઈ જાય છે. તેવો યોગી જીવન્મુક્ત દશાની પ્રાપ્તિ કરે છે.

૩૧. तदा सर्वावरणमलापेतस्य ज्ञानस्याऽनन्त्याज्ज्ञेयम् अल्पम् ।
(૩૧) વિવેકજ્ઞાનની પ્રાપ્તિ પહેલાં જ્ઞાનને સીમિત કરનારા અવિદ્યા વગેરેના જેટલા પણ પડદા હોય છે, ને તેમાં કર્મના સંસ્કારોનો જેટલો પણ મેલ હોય છે, તે બધો મેલ ને બધા જ પડદા ધર્મમેઘ સમાધિની સિદ્ધિ થતાં દૂર થાય છે કે તૂટી જાય છે. તેથી યોગીનું જ્ઞાન અસીમ ને અનંત થઈ જાય છે. પછી જગતના જ્ઞેય પદાર્થો તેની આગળ અલ્પ થઈ જાય છે. તેનાથી કોઈયે વસ્તુ અજ્ઞાત રહી શક્તી નથી.

૩૨. ततः कृतार्थानां परिणामक्रमपरिसमाप्तिर्गुणानाम् ।

(૩૨) તે પછી ગુણોનું કામ પૂરું થઈ જાય છે. પુરુષને ભોગ ને મોક્ષ આપવાના તેમના હેતુની સિદ્ધિ થાય છે. તેથી તેમના પરિણામક્રમની પણ સમાપ્તિ થઈ જાય છે. તેથી તેમની દ્વારા નવા શરીરનું નિર્માણ થઈ શકતું નથી. પુનર્જન્મમાં તે કારણરૂપ થતા નથી.

૩૩. क्षणप्रतियोगी परिणामापरान्तनिग्राह्यः क्रमः ।

(૩૩) જે ક્ષણોનો પ્રતિયોગી છે, ને પરિણામને અંતે જેનું સ્વરૂપ સમજી શકાય છે, તે ક્રમ છે.

કોઈ વસ્તુ કોઈ એક સ્વરૂપમાંથી બીજા રૂપમાં બદલાય છે, અથવા એક રૂપમાં રહીને પણ જૂની થતી જાય છે, ત્યારે પરિવર્તનનું તેનું પરિણામ એક દિવસ, એક ઘડી કે એક પલકમાં થતું નથી. તેમાં હરેક ક્ષણે પરિવર્તન થયા કરે છે. તેનું બીજું પરિણામ જ્યારે પૂર્ણ થાય છે, ત્યારે અનુમાનથી સમજી શકાય છે કે તે વસ્તુ એકીસાથે નહિ પણ ક્રમપૂર્વક બદલાતી આ દશાએ પહોંચી છે. તે રીતે ક્રમનું જ્ઞાન પરિણામને અંતે થાય છે, તેથી તેને આ સૂત્રમાં 'પરિણામાપરાન્તનિગ્રાહ્ય' કહ્યો છે. ને એકેક ક્ષણના પ્રવાહમાં તેનું જ્ઞાન થઈ શકે છે. તેથી તેને ક્ષણપ્રતિયોગી કહેવામાં આવે છે. ક્ષણપ્રતિયોગી એટલે ક્ષણોનો વિભાગ કરનારો એવો બીજો અર્થ પણ થઈ શકે છે.

૩૪. पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं, स्वरूपप्रतिष्ठा वा चितिशक्तिरेति ।

(૩૪) પુરુષને માટે જેમનું કોઈ કર્તવ્ય બાકી રહ્યું નથી તેવા ગુણો પોતાના કારણમાં વિલીન થઈ જાય તેને કૈવલ્ય કહેવામાં આવે છે. અથવા તો એમ પણ કહી શકાય કે દ્રષ્ટા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ જાય તેને કૈવલ્ય કહે છે.

ગુણોની પ્રવૃત્તિનું મુખ્ય ધ્યેય પુરુષના ભોગ ને મોક્ષનું છે. તે ધ્યેયની સિદ્ધિ માટે જ તે બુદ્ધિ, મન, અહંકાર, તન્માત્રા, ઈન્દ્રિયો ને શબ્દાદિ વિષયોના આકારમાં મૂર્ત થાય છે. ભોગ તેમજ મોક્ષ મળ્યા પછી મુક્ત પુરુષને માટે તેમનું કોઈ કર્તવ્ય નથી રહેતું. તેથી પ્રયોજનને પૂર્ણ કરી ચૂકેલા તે ગુણ પોતાના કારણમાં વિલીન થઈ જાય છે. તે જ કૈવલ્ય અથવા ગુણોનું પુરુષથી મુક્ત થવું છે. તેમજ તેમની સાથેના પુરુષના અવિદ્યાજન્ય

સંયોગનો અંત આવવાથી પુરુષ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે. તે પુરુષનું પ્રકૃતિથી મુક્ત થઈ જવું અથવા કૈવલ્ય કહેવાય છે.

॥ કૈવલ્યપાદ સમાપ્ત ॥

☼ ☼ ☼ ☼ ☼

# ॥ શ્રી પાતંજલ યોગદર્શન સંપૂર્ણ ॥

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the unknown intricate path of spiritual attainments single handedly and put immense faith in the tenderheartedness of God in the form of Mother Goddess.

Shri Yogeshwarji dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of nine. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than hundred books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him and thus became a living example of well known Sanskrit adage 'Matru Devo Bhava' (Mother is a form of God). Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Mataji Jyotirmayi left for heavenly abode in 1980 after receiving exemplary services at the hands of Yogeshwarji and Maa Sarveshwari at Bhavnagar.

Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandiwali in Mumbai. Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari, who is now looking after his manifold benevolent activities.

It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન ▪ પતંજલિ કૃત યોગસૂત્રો (સૂત્રાર્થ) |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |

| | |
|---|---|
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

☼ ☼ ☼ ☼ ☼



For more information
On the life & works of
**Shri Yogeshwarji**



Please visit
**www.swargarohan.org**